CMYK CMYK

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૨૮ જૂન ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦

વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ સુદ ૩ | અંક : ૩૫૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### ગાડી નીચે કચડાવવાથી વૃદ્ધના મોત મામલે જગન રેડ્ડીને રાહત



। (એજન્સી) અમરાવતી, તા.૨૭ ।

આંધ્ર પ્રદેશ હાઈકોર્ટે પૂર્વ મુખ્યમંત્રી વાય.એસ. જગન મોહન રેડ્ડીને ગુન્ટુરમાં પાર્ટી પ્રમુખની રેલી દરમિયાન એક YSRCP સમર્થકના મૃત્યુના કેસમાં વચગાળાની રાહત આપી છે. પૂર્વ મુખ્યમંત્રીને રાહત આપતા કોર્ટે કહ્યું, બધી સાવચેતીઓ છતાં કુંભ મેળામાં પણ અકસ્માતો થતા રહ્યા છે. ૧૮ જૂને રેલી દરમિયાન પલાનાડુ જિલ્લાના સતના પલ્લેમાં જગન મોહન રેડ્ડીના કાફલામાં સામેલ એક વાહને સી. સિંગૈયા (૫૩) ને કચડી નાખ્યા હતા, જેથી તેમનું મૃત્યુ થયું હતું.

### એક દેશ નથી ઈચ્છતો આતંકવાદ પર વાત થાય



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ગઈકાલે ચીનમાં યોજાયેલી SCO બેઠકમાં સંયુક્ત નિવેદન પર હસ્તાક્ષર કરવાનો ઈનકાર કર્યો હતો. રાજનાથ સિંહના આ પગલાંને વિદેશ મંત્રી એસ. જયશંકરે યોગ્ય ઠેરવ્યું છે. એસ જયશંકરે શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ના સંયુક્ત નિવેદન પર હસ્તાક્ષર ન કરવાના નિર્ણયને સમર્થન આપ્યું હતું. તેમણે કહ્યું કે SCO ના સભ્ય દેશ સંયુક્ત નિવેદનમાં આતંકવાદનો કોઈ ઉલ્લેખ ઈચ્છતા નથી, જ્યારે સંગઠન આતંકવાદ સામે લડવાના ઉદ્દેશ્યથી રચાયું હતું.

### ૫૩૪ ગ્લોબલ સેલેબ્સને મળ્યું ઓસ્કરનું આમંત્રણ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૭ ।


ભારતીય સિનેમા માટે આ અઠવાડિયુ ગૌરવપૂર્ણ રહ્યું છે. પ્રખ્યાત અભિનેતા કમલ હાસન અને પોતાના શાનદાર અભિનયથી દરેકનું દિલ જીતનાર આયુષ્માન ખુરાનાને હોલિવૂડની સૌથી પ્રતિષ્ઠિત સંસ્થા 'એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સિસ' દ્વારા ઓસ્કરના સભ્ય બનવાનું આમંત્રણ મોકલાયું છે.

---

### ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા નીકળી

# નગરચર્યાએ નીકળેલા ભગવાનના દર્શન માટે ભાવિક ભક્તો ઉમટ્યા

## જગન્નાથના મંદિરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પહિંદ વિધી કરી હતી અને ત્યારબાદ રથયાત્રાનો પ્રારંભ થયો હતો



। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદમાં શુક્રવારે ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા નીકળી, અને નગરચર્યાએ નીકળેલા ભગવાનના દર્શન માટે હજારોની સંખ્યામાં ભક્તો ઉમટ્યા હતા. રથયાત્રા પહેલાથી જ તેના રૂટ પર ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી, અને રથયાત્રાના દિવસે પણ સુરક્ષા કર્મીઓ ખડે પગે રહ્યા. જ્યારે સરસપુરમાં ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામનું મોસાળુ કરવામાં આવ્યું હતું. મોસાળમાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ સરસપુરમાં ભક્તો માટે ભંડારાનું આયોજન કરાયું હતું. ભક્તોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને રથયાત્રામાં સામેલ ટ્રકોમાંથી લોકોને મગ, જાંબુ અને ચોકલેટનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

જોકે, આ વખતે સવારે જ્યારે રથયાત્રા ખાડિયામાંથી પસાર થઈ રહી હતી ત્યારે ગજરાજ બેકાબૂ બનતા થોડી ક્ષણો માટે ભારે અફરાતફરી મચી ગઈ હતી. ડીજે પર મોટા અવાજે વાગતા સ્પીકરના કારણે ગજરાજ ભડક્યા હોવાનું કહેવામાં આવી રહ્યું છે. ત્રણ ગજરાજે રસ્તા પર દોડધામ કરતાં ત્યાં હાજર લોકોમાં પણ નાસભાગ મચી ગઈ હતી. જોકે, આ દરમિયાન કોઈ અનિચ્છનિય ઘટના બની ન હતી. મહાવત તથા વન વિભાગની ટીમે ગજરાજને કાબૂમાં કરી લીધા હતા અને ત્રણ ગજરાજને રથયાત્રામાંથી અલગ કરીને શાંત સ્થળે લઈ જવામાં આવ્યા હતા.

આ ઉપરાંત કાલુપુર રેલવે સ્ટેશન પાસે પણ ભગવાન બલરામના રથમાં ખામી સર્જાઈ હતી. તેમના રથના પૈડાનો બોલ્ટ નીકળી ગયો હતો જેના કારણે રથ અટવાઈ ગયો હતો. જોકે, તાત્કાલિક નવું પૈડુ નાંખવામાં આવ્યું હતું અને તેમનો રથ આગળ વધ્યો હતો. આ વખતની રથયાત્રામાં દેશભક્તિ પર આધારીત ટેબ્લોએ ખાસ આકર્ષણ જમાવ્યું હતું. તેમાં ઓપરેશન સિંદૂરનો પણ ટેબ્લો જોવા મળ્યો હતો. આ ઉપરાંત અમદાવાદ પ્લેન ક્રેશની ઘટનાનો ટેબ્લો હતો. એક વ્યક્તિએ પોતાના શરીર પર આ પ્લેન ક્રેશમાં મૃત્યુ પામેલા ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું ચિત્ર દોરાવીને તેમને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

આ પહેલા જમાલપુરમાં જગન્નાથના મંદિરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પહિંદ વિધી કરી હતી અને ત્યારબાદ રથયાત્રાનો પ્રારંભ થયો હતો. રથયાત્રા માટે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા તૈનાત કરવામાં આવી હતી. આ દરમિયાન મંજૂરી વગર ઉડેલા એક ડ્રોનને એન્ટી-ડ્રોન ગનથી તોડી પાડવામાં આવ્યું હતું. આ એન્ટી ડ્રોન કિલર ગનની રેન્જ બે કિલોમીટર સુધીની હોય છે. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

રથયાત્રામાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને અને શાંતિ તથા કાયદા-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ૨૩,૦૦૦થી વધુ પોલીસ જવાનો તૈનાત કરાયા હતા આ ઉપરાંત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે AIની મદદ પણ લેવામાં આવી રહી છે. રથયાત્રાના રૂટ પર ૩૫૦૦થી વધુ કેમેરા લગાવવામાં આવ્યા હતા.

ભગવાન જગન્નાથ રથયાત્રા દરમિયાન પરંપરાગત રૂટ પર ફર્યા હતા. આજની આ રથયાત્રામાં ૧૮ ગજરાજ, ૧૦૧ ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતી ટ્રકો, ૩૦ અખાડા, ૧૮ ભજન મંડળીઓ રથયાત્રાનુ આકર્ષણ બનશે. આ સાથે ૩ બેન્ડવાજા, મોટી સંખ્યામાં સાધુ-સંતો પણ રથયાત્રામાં જોડાયા હતા.

### રથયાત્રામાં દેશભક્તિનો ટેબલો આકર્ષણનું કેન્દ્ર બન્યો

અમદાવાદની રથયાત્રા ભારતના સૌથી મોટા ધાર્મિક ઉત્સવો પૈકી એક છે. આ વર્ષે યોજાયેલી રથયાત્રામાં એક અનોખું આકર્ષણ જોવા મળ્યું છે. આ વર્ષે રથયાત્રામાં દેશભક્તિ પર આધારિત, વનતારા પર આધારિક ટેબલો આકર્ષણનુ કેન્દ્ર બન્યા છે. સરસપુરમાં યોજાયેલા આ ઉત્સવમાં અનેક ટેબલોએ લોકોનું ધ્યાન ખેંચ્યું. આ ટેબલોમાં ભગવાન રામની ભવ્ય ઝાંખી, બાળકોને આકર્ષિત કરતા કાર્ટુન પાત્રો અને ભારતના ગૌરવને પ્રતિબિંબિત કરતા દ્રશ્યો દર્શાવવામાં આવ્યા હતા. ખાસ કરીને, ઓપરેશન સિંદૂરનું ટેબલો ખૂબ ચર્ચામાં રહ્યો છે. આ ટેબલોએ નારી શક્તિ દ્વારા પાર પાડવામાં આવેલા આ મહત્વપૂર્ણ ઓપરેશનને યાદ કરાવ્યું. આ ઉપરાંત પરંપરાગત રીતે ચોકલેટ વગેરેનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું, જે બાળકો માટે ખૂબ આકર્ષક રહ્યું.

### શહેરના કાલુપુર પાસે ભગવાન બલભદ્રજીના રથમાં સર્જાઇ ખામી

અમદાવાદમાં આજે ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા નીકળી છે. ભગવાન જગન્નાથ બહેન સુભદ્રા અને ભાઈ બલરામ સાથે નગરચર્યા કરી રહ્યા છે. એવામાં રથયાત્રા દરમિયાન પહેલા ગજરાજ બેકાબૂ થયા અને હવે વધુ એક મુશ્કેલી સર્જાઈ છે. કાલુપુર પાસે બલભદ્રજીના રથમાં એક તકનિકી ખામી સર્જાઈ હતી. વાત એમ છે કે, રથયાત્રા ધીરે ધીરે આગળ વધી રહી હતી, ત્યારે અચાનક કાલુપુર રેલવે સ્ટેશન પાસે એક રથમાં ખામી સર્જાઈ હતી. મળતી માહિતી મુજબ જાણવા મળ્યું છે કે, બલભદ્રજીના રથમાં એક તકનિકી ખામી સર્જાઈ હતી. રથના પૈડાનું બોલ્ટ ખૂલી જતાં યાત્રાને થોડીવાર માટે અટકાવવી પડી હતી. જો કે, રથ અટકાવ્યા પછી તાત્કાલિક રિપેરિંગ શરૂ કરાયુ હતું.



ઓડિશાના પુરીમાં આવેલા જગન્નાથ મંદિરમાં વાર્ષિક 'રથયાત્રા' ઉત્સવ નિમિત્તે ભગવાન જગન્નાથ, ભગવાન બલભદ્ર અને દેવી સુભદ્રાના રથ પાસે સુરક્ષા કર્મચારીઓ નજરે પડે છે.



પ્રયાગરાજમાં વાર્ષિક રથયાત્રા ઉત્સવ દરમિયાન લોકો શોભાયાત્રામાં ભાગ લીધો હતો.



કોલકાતામાં રથયાત્રા ઉત્સવ નિમિત્તે મોટી સંખ્યામાં ભક્તો શોભાયાત્રામાં જોડાયા હતાં.

---

### છેલ્લા ૩ મહિનાથી પગાર નથી મળ્યો

## ઝારખંડના ૧૫ લોકો યુએઇમાં ફસાયા, ખાવાના પણ ફાંફા

। (એજન્સી) અબુ ધાબી, તા.૨૭ ।

ઝારખંડના ૧૫ કામદારો યુએઈના અબુ ધાબીમાં ફસાયા હોવાની ઘટના સામે આવી છે. આ લોકો ત્યાં કામ કરવા ગયા હતા, પરંતુ છેલ્લા કેટલાક મહિનાથી તેમના માટે પરિસ્થિતિ ખૂબ જ કફોડી બની ગઈ છે. જે કંપનીમાં તેઓ કામ કરે છે તે કંપનીએ તેમને ૩ મહિનાથી સેલેરી નથી આપી. આ તમામ લોકોને ટ્રાન્સમિશન લાઈન નાખવા માટે લઈ જવામાં આવ્યા હતા. આ કામદારોની સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે, તેમની પાસે મકાનનું ભાડું અને વીજળીનું બિલ ચૂકવવા તથા ખાવા માટે પણ પૈસા નથી. તેમને ખાવાના પણ ફાંફા પડી રહ્યા છે. આ તમામ



લોકો ઝારખંડના હજારીબાગ અને ગિરિડીહ જિલ્લાના નિવાસી છે. તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારને અપીલ કરી છે કે અમને અમારા પરિવાર પાસે પરત લાવવામાં મદદ કરો. આ તમામ કામદારો જાન્યુઆરી ૨૦૨૪માં અબુ ધાબી ગયા હતા. આ લોકોમાંથી એક ચારુમા એક ન્યૂઝ ચેનલને જણાવ્યું કે, કામ પર રાખતી વખતે કોન્ટ્રાક્ટરે કહ્યું હતું કે, અમારી કંપની ૧૦ વર્ષથી વધુ સમયથી અહીં કામ કરી રહી છે અને વિશ્વસનીય છે.

### ગંગા જળ સમજૂતિમાં ફેરફાર ઈચ્છે છે ભારત

## પાકિસ્તાન બાદ બાંગ્લાદેશનું નાક દબાવવાની તૈયારીઓ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

પાકિસ્તાન સાથે સિંધુ જળ સંધિ સ્થગિત કર્યા પછી ભારત હવે બાંગ્લાદેશ સાથે થયેલા ઐતિહાસિક ગંગા સંધિની શરતોમાં ફેરફાર કરવાનું વિચારી રહ્યું છે. અહેવાલો અનુસાર, ભારત બાંગ્લાદેશ સાથેના સંધિમાં ફેરફાર કરવા માટે વિવિધ વિકલ્પો પર વિચાર કરી રહ્યું છે. નોંધનીય છે કે, પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાના કાર્યકાળ દરમિયાન વર્ષ ૧૯૯૬માં થયેલી ગંગા જળ સંધિ ૨૦૨૬માં સમાપ્ત થઈ રહી છે. આ સંધિ પરસ્પર સંમતિથી ફરીથી લાગુ કરવી



પડશે. અહેવાલો અનુસાર, ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ૧૯૯૬માં પૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડાના કાર્યકાળ દરમિયાન ગંગા જળ સંધિ પર હસ્તાક્ષર થયા હતા. આ સંધિ ગંગા નદીના પાણીને વહેંચવા માટે કરવામાં આવી હતી. હવે ભારત આ સંધિમાં ફેરફાર કરવા માંગે છે. ભારતનું કહેવું છે કે તેને સિંચાઈ, બંદર જાળવણી અને વીજળી ઉત્પાદન માટે વધુ પાણીની જરૂર છે. તેથી હાલની સંધિમાં સુધારો કરવા માંગે છે. ભારતને દર વર્ષે પહેલી જાન્યુઆરીથી ૩૧મી મે દરમિયાન વધુ પાણીની જરૂર પડે છે. ચોમાસાના અભાવને કારણે, આ સમયે ગંગા નદીમાં પાણીની અછત રહે છે. જેમ જેમ આપણે વારાણસીથી પટના તરફ આગળ વધીએ છીએ તેમ તેમ તેની અસર દેખાવા લાગે છે. જેમ જેમ આગળ વધીએ છીએ તેમ તેમ પરિસ્થિતિ વધુ ખરાબ થતી જાય છે. ભારત ઈચ્છે છે કે ગંગા જળ સંધિમાં ફેરફાર કરીને આ આ સમયગાળામાં વધુ પાણી મળી શકે.

### ૩૪૫ રાજકીય પક્ષો પર લટકતી તલવાર

## ૩૪૫ રાજકીય પક્ષોનું ચૂંટણી પંચ રજિસ્ટ્રેશન રદ કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

ચૂંટણી પંચે રજિસ્ટર્ડ નિષ્ક્રિય ૩૪૫ રાજકીય પક્ષની નોંધણી રદ કરવાની પ્રક્રિયા શરુ કરી દીધી છે. ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમાર, ચૂંટણી કમિશ્નર ડૉ. સુખબીર સિંહ સંધુ અને ડૉ. વિવેક જોશીની અધ્યક્ષતા હેઠળ માન્યતા વિનાના રાજકીય પક્ષોની નોંધણી રદ કરવાની પ્રક્રિયા શરુ કરવામાં આવી છે.

આ એવા પક્ષો છે, જેમણે ૨૦૧૯થી કોઈપણ પ્રકારની ચૂંટણીમાં ભાગ લીધો નથી અને જેમના કાર્યાલયો સમગ્ર દેશમાં ક્યાંય ભૌતિક રીતે જોવા મળ્યા નથી. ચૂંટણી પંચે ગઈકાલે (ગુરુવારે) જણાવ્યું હતું કે, વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાંથી ૩૪૫ પક્ષ મળી આવ્યા છે. જેમનું રજિસ્ટ્રેશન તો થયેલું છે. પરંતુ સક્રિયપણે રાજકારણમાં કોઈ ભૂમિકા ભજવી રહ્યા નથી. હાલમાં રજિસ્ટર્ડ ૨૮૦૦થી વધુ પક્ષોએ માન્યતા ગુમાવી છે. તેમણે આવશ્યક શરતોનું અનુસરણ કર્યું નથી. આવા પક્ષો વિરૂદ્ધ અભિયાન ચલાવી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ચૂંટણી પંચ દ્વારા ગેરમાન્ય પક્ષોની ઓળખ માટે રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેના પ્રથમ ચરણમાં અત્યારસુધી ૩૪૫ પક્ષને ઓળખી કાઢવામાં આવ્યા છે.

---

### આદિવાસીના કલ્યાણ માટે કામ કરીશું : રાહુલ ગાંધી

## દરેક જિલ્લામાં કોંગ્રેસનો મજબૂત પ્લાન તૈયાર, ગુજરાતથી અમલ શરૂ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ આદિવાસી સમાજના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી તેમની સમસ્યાઓ પર ચર્ચા કરી હતી. જેમાં તેમણે આદિવાસી નેતૃત્વને મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો. તેમણે દરેક જિલ્લામાં આદિવાસીના કલ્યાણ માટે પ્રમુખની પસંદગી કરવાના પ્લાન વિશે જણાવતાં કહ્યું કે, તેઓ કોંગ્રેસ પાર્ટીને ચલાવશે. સાથે તે પાર્ટીને મજબૂત બનાવવા કામ



કરશે. કોંગ્રેસે શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક વીડિયો રજૂ કર્યો હતો. જેમાં રાહુલ ગાંધી આદિવાસી સમાજના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરતાં જોવા મળ્યા છે. જેમાં તેમણે આદિવાસી સમાજના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી તેમની સમસ્યાઓ પર ચર્ચા કરી હતી. તેમણે કહ્યું હતું કે, જળ, જંગલ અને જમીનની સાથે બંધારણીય અધિકારો માટે તેમનો સંઘર્ષ સતત ચાલુ છે. સામાજિક અન્યાય, ડિજિટાઈઝેશનના કારણે જમીન છીનવાઈ જવી જેવી સમસ્યાઓથી આદિવાસી ત્રસ્ત છે. અમે આદિવાસી વર્ગને ન્યાય અપાવવા માટે તેમની સાથે ઉભા છીએ. તેમના અધિકારો માટે લડતાં રહીશું. રાહુલ ગાંધી આદિવાસી સમાજના પ્રતિનિધિઓને કહી રહ્યા હતાં કે, હું તમને પહેલાં જ જણાવી દેવા માગુ છુ કે, મારી રૂચિ શું છે.

## ઠાકરે સરકાર વિરૂદ્ધ લેંગ્વેજ ઈમરજન્સી મુદ્દે કરશે દેખાવો

। (એજન્સી) મુંબઈ, તા.૨૭ ।

મહારાષ્ટ્રના રાજકારણમાં ઘણા વર્ષો પછી, બંને ઠાકરે ભાઈઓ એક મંચ પર સાથે જોવા મળશે. ખાસ વાત એ છે કે આ કોઈ પારિવારિક કાર્યક્રમ નથી, પરંતુ એક મોટું રાજકીય પગલું છે. રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે મહારાષ્ટ્રની શાળાઓમાં હિન્દી શીખવવા સામે સાથે વિરોધ કરવાના છે. આ માહિતી શિવસેના યુબીટી સાંસદ સંજય રાઉતે આપી છે. સંજય રાઉતે એક એક્સ પોસ્ટ દ્વારા જણાવ્યું છે કે, "રાજ-ઉદ્ધવ હિન્દી ભાષા વિરુદ્ધ સાથે રેલી કાઢશે. બે અલગ અલગ આંદોલન નહીં થાય." સંજય રાઉતે પુષ્ટિ આપી છે કે પહેલા રાજ ઠાકરે ૫ જુલાઈએ અને પછી ઉદ્ધવ ઠાકરે ૬ જુલાઈએ રેલી કાઢવાના હતા, પરંતુ હવે આ આંદોલન એક જ દિવસે થશે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના વડા રાજ ઠાકરેએ હિન્દીના મુદ્દા પર સરકારની ટીકા કરી છે. તેમણે પ્રશ્ન કર્યો હતો કે હિન્દી રાષ્ટ્રીય ભાષા નથી. તે ભારતની અન્ય ભાષાઓમાંની એક પણ છે. તો પછી તેને પ્રથમ વર્ગથી ફરજિયાત કેમ બનાવવામાં આવી રહી છે? બાળકોને એક સાથે ત્રણ ભાષાઓ કેમ શીખવવામાં આવી રહી છે? સરકાર કયા દબાણ હેઠળ આ નિર્ણય લઈ રહી છે?

### ઈરાનના વિદેશ મંત્રીની ચેતવણી

## હુમલાનો ઇરાદો નથી, પરંતુ ઇઝરાયલ અટકશે નહીં તો અમે છોડીશું નહીં

। (એજન્સી) તહેરાન, તા.૨૭ ।

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ અમેરિકાના હુમલામાં ઈરાનના ત્રણ પરમાણુ મથકો પર ગંભીર અને મોટુ નુકસાન થયું હોવાનો અંતે સ્વીકાર કર્યો છે. વધુમાં ઈરાને આગામી સપ્તાહે ટ્રમ્પ સાથે પરમાણુ કરાર પર વાતચીતના દાવાને પણ ફગાવ્યો છે. અરાઘચીએ સ્થાનિક મીડિયા હાઉસ સમક્ષ સ્વીકાર્યું હતું કે, અમેરિકાના હુમલાના કારણે દેશના ન્યુક્લિયર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અત્યંત ગંભીર નુકસાન થયું છે.



અમેરિકાએ બંકર બસ્ટિંગ બોમ્બ સાથે યુએસ-બી-૨ બોમ્બર્સ દ્વારા ફોર્ડો, નાતાંજ, અને ઈસ્ફહાન પરમાણુ મથકો પર હુમલો કર્યો હતો. ઈરાનના વિદેશ મંત્રીએ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનને ખોટું ઠેરવ્યું છે. ટ્રમ્પે નિવેદન આપ્યું હતું કે, આગામી સપ્તાહે વોશિંગ્ટનમાં ઈરાન સાથે બેઠક કરવાની યોજના છે. જેમાં તેઓ પરમાણુ કરાર, પ્રતિબંધો દૂર કરવા સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરશે. જો કે, અરાઘચીએ આ દાવાને ખોટો ઠેરવતાં કહ્યું હતું કે, અમે આગામી સપ્તાહે અમેરિકા સાથે કોઈ બેઠક કરવાના નથી. આવી કોઈ યોજના નક્કી થઈ નથી. અરાઘચીએ આગળ કહ્યું કે, સીઝફાયરનું પાલન કરવા માટે બંને પક્ષોની સહમતિ હોવી જરૂરી છે. અમારી હુમલો કરવાની કોઈ યોજના કે ઈચ્છા નથી.

CMYK CMYK









# ભગવાન શ્રી જગન્નાથજીની ૧૪૮મી રથયાત્રા : મંગળા આરતી

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના શ્રી જગન્નાથ મંદિર ખાતે મંગળા આરતી કરી ભક્તિભાવપૂર્વક દર્શન કર્યા





। અમિત રાડિયા/ રેસુંગ ચૌહાણ ।

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે આજે ૧૪૮મી રથયાત્રાના પાવન અવસરે અમદાવાદના સુપ્રસિદ્ધ શ્રી જગન્નાથ મંદિરમાં મંગળા આરતીમાં સહભાગી થઈ, ભક્તિભાવપૂર્વક દર્શન કર્યાં હતા.

દેશભરના લાખો ભક્તોમાં ભગવાન જગન્નાથ પ્રત્યે દૃઢ આસ્થા છે. પ્રતિ વર્ષ અષાઢી બીજના પાવન દિવસે ભગવાન જગન્નાથજી પ્રતિવર્ષ પોતાના ભક્તોને દર્શન આપવા સામે ચાલીને નગરયાત્રાએ નીકળે છે. ત્યારે રથયાત્રા પૂર્વે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે સપરિવાર ભગવાન જગન્નાથજીની મંગળા આરતી કરી પૂજા-અર્ચના કરી હતી.

અમદાવાદ શહેર જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત માટે આસ્થાના પ્રતીક સમાન આજની રથયાત્રાના આ પાવન અવસરે અમદાવાદ મંદિરના મહંત દિલીપદાસજી, અખિલ ભારતીય સંત સમિતિના અધ્યક્ષ શ્રી અવિચલદાસજી, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તથા સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, સંતો- મહંતો તેમજ ભાવિક ભક્તો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# અમદાવાદમાં જગન્નાથજીની ૧૪૮મી રથયાત્રામાં પહિંદ વિધિ કરી રથને નગરચર્યા માટે પ્રસ્થાન કરાવતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## સોનાની સાવરણીથી રથની સફાઈ સેવાની પરંપરા નિભાવી મુખ્યમંત્રીશ્રીએ ભગવાન જગન્નાથજીનો રથ ખેંચ્યો







મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અષાઢી બીજના પાવન અવસરે અમદાવાદ ખાતે ભગવાન જગન્નાથજીની ૧૪૮મી રથયાત્રાને પ્રસ્થાન કરાવતા પૂર્વે વહેલી સવારે મંદિર પરિસરમાં ભગવાન જગન્નાથજીના રથનું અને ભગવાનનું પૂજન-અર્ચન કર્યું હતું.

ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં પ્રતિવર્ષ મુખ્યમંત્રીશ્રી ભગવાનના રથની પહિંદ વિધિ સંપન્ન કરીને રથયાત્રાને પ્રસ્થાન કરાવતા હોય છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે એ પરંપરા આગળ વધારતા સતત ચોથી વખત ભગવાન જગન્નાથજીના રથની સોનાની સાવરણીથી સફાઈ કરી પહિંદ વિધિ સંપન્ન કરી હતી.

ત્યાર બાદ મુખ્યમંત્રીશ્રી ભગવાન જગન્નાથજીનું પૂજન-અર્ચન કરીને ભગવાનના મુખ્ય રથને નિજ મંદિરથી નગરયાત્રા માટે પ્રસ્થાન કરાવવા મંદિર પરિસરમાંથી ભક્તિભાવપૂર્વક બહાર લાવવામાં સહભાગી થયા હતા. ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન પણ આ વિધિમાં ભક્તિભાવ પૂર્વક સહભાગી થયા હતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રથયાત્રાના પર્વની સૌ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે અષાઢી બીજના પાવન અવસરે ભગવાનનાં દર્શન, આરતી અને રથયાત્રાને પ્રસ્થાન કરાવવાનો અવસર મળવાને પોતાનું સદભાગ્ય ગણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ભગવાન જગન્નાથજીની ૧૪૮મી રથયાત્રા પ્રસંગે રાજ્યના સૌ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું કે ભગવાન જગન્નાથજી દરિદ્રનારાયણ છે અને શ્રમિકોના આરાધ્ય દેવ પણ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતનો સંકલ્પ લીધો છે, ત્યારે વિકસિત ગુજરાતથી વિકસિત ભારત માટે ભગવાન જગન્નાથજી સૌને ખૂબ શક્તિ આપે, તેવી પ્રાર્થના પણ ભગવાન સમક્ષ કરી છે તેમ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે અમદાવાદ ખાતેની ભગવાન જગન્નાથજીની રથયાત્રા કોમી એખલાસનું પ્રતીક બની રહી છે. મુખ્યમંત્રીશ્રીએ અષાઢી બીજ નિમિત્તે દેશવિદેશમાં વસતાં સર્વે કચ્છી માડુઓને કચ્છી નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે ભગવાન જગન્નાથજી મંદિરના મહંત શ્રી દિલીપદાસજી, અખિલ ભારતીય સંત સમિતિના અધ્યક્ષ શ્રી અવિચલદાસજી, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, શહેર ભાજપ પ્રમુખ શ્રી પ્રેરક શાહ અન્ય મહાનુભાવો તેમજ શ્રદ્ધાળુઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મેમનગર SGVP ગુરુકુળથી રથયાત્રાને પ્રસ્થાન કરાવ્યું

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અષાઢી બીજના પાવન પ્રસંગે SGVP ગુરુકુળ, મેમનગર ખાતેથી SGVP અમદાવાદ દ્વારા આયોજિત ૧૮મી રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ભગવાન જગન્નાથજીની પૂજા-અર્ચના અને આરતી કરીને આશીર્વાદ મેળવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત મહાનુભાવો અને સંતો સાથે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામજીની પ્રતિમાઓને રથમાં બિરાજમાન કરી હતી. ત્યારબાદ મુખ્યમંત્રીશ્રીએ સૌ મહાનુભાવો અને સંતો સાથે રથોને પ્રસ્થાન કરાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સૌને રથયાત્રા, અષાઢી બીજ અને કચ્છી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. રથોના પ્રસ્થાન સમયે હરિ ભક્તોએ 'જય રણછોડ, માખણ ચોર'ના નાદ સાથે વાતાવરણમાં અનેરી ઉર્જાનો સંચાર કર્યો હતો. શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીજીએ



આ પ્રસંગે જણાવ્યું હતું કે અષાઢી બીજનાં પાવન અવસરે દેશભરમાં વિવિધ સ્થળોએ ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળે છે. અમદાવાદમાં જગન્નાથ મંદિરની રથયાત્રા જાણીતી છે.

એ જ રીતે, મેમનગર ગુરુકુળની રથયાત્રામાં પણ ભગવાન જગન્નાથજી મેમનગર અને આસપાસના વિસ્તારોના નગરજનોને આશીર્વાદ અને દર્શન આપવા નગરચર્યાએ નીકળે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર મેમનગર ગુરુકુળ ખાતેથી આજે આ રથયાત્રાનો પ્રારંભ કરાવશે એ આપણા સૌ માટે આનંદની વાત છે એમ તેમણે ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના ૧૨૪મા જન્મદિન પ્રસંગે તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, મેમનગર સુવર્ણ જયંતી મહોત્સવના ઉપક્રમે SGVP અમદાવાદ દ્વારા ૧૮મી રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રથયાત્રામાં વિવિધ થીમ અને સજાવટથી સુસજ્જ રથોએ ભક્તિમય વાતાવરણ સર્જ્યું હતું. આ રથયાત્રા શહેરના મેમનગર આસપાસના ૭ કીમી જેટલા વિસ્તારોમાં ફરીને સાંજે મેમનગર ગુરુકુળ ખાતે પરત ફરશે.

SGVP અમદાવાદ દ્વારા આયોજિત રથયાત્રા પ્રસ્થાન સમયે ડેપ્યુટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, શહેર પ્રમુખ શ્રી પ્રેરકભાઈ શાહ, AMTSના ચેરમેન શ્રી ધરમશીભાઈ દેસાઈ, સદગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી સહિત મોટી સંખ્યામાં સંતો, હરિભક્તો અને શહેરીજનો જોડાયા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## રાજસ્થાનના ડીગમાં ASI ના ખોદકામમાં હજારો વર્ષ જૂના વાસણો, મૂર્તિઓ, ધાતુઓ અને કારખાનાઓના અવશેષો મળ્યા




# રાજસ્થાનમાં મળી આવ્યા મહાભારત કાળના પુરાવા

। (એજન્સી) જયપુર, તા.૨૭ ।

રાજસ્થાન સરહદ પર સ્થિત બ્રિજ ક્ષેત્રમાં ગોવર્ધન પર્વત નજીક ડીગ વિસ્તારમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) ના ખોદકામથી ભારતીય ઈતિહાસમાં એક નવો અધ્યાય ઉમેરાયો છે. છેલ્લા ૨ વર્ષથી ચાલી રહેલા ASI ના ખોદકામમાં કથિત સરસ્વતી કાળની એક પ્રાચીન નદીના અવશેષો મળી આવ્યા છે જે સુકાઈ ગઈ છે. આ સાથે, ખોદકામ દરમિયાન મળેલા હજારો વર્ષ જૂના માનવ વસાહતો, ધાર્મિક મૂર્તિઓ, કારખાનાઓ અને વાસણોએ સાબિત કર્યું છે કે મહાભારત માત્ર એક ધાર્મિક ગ્રંથ નથી, પરંતુ એક ઐતિહાસિક વાસ્તવિકતા છે. હજારો વર્ષ પહેલાં, જ્યારે આખું વિશ્વ સભ્યતા તરફ આગળ વધી રહ્યું હતું, ત્યારે ભારતની સભ્યતા સમય કરતાં અનેક ગણી આગળ હતી. ASI ના જયપુર સર્કલના સુપ્રિટેન્ડેન્ટ પુરાતત્વવિદ વિનય ગુપ્તાના નેતૃત્વમાં ડીગના બહજ વિસ્તારમાં ટેકરાઓ પર ૨ વર્ષ સુધી ખોદકામ દરમિયાન, પેઈન્ટેડ ગ્રે વેર (PGW) અને ઓચર કલર્ડ પોટરી (OCP) શૈલીના વાસણો મળી આવ્યા છે, જેમાં OCP શૈલીના વાસણો ૫,૦૦૦ વર્ષ કે તેથી વધુ જૂના હોવાનો અંદાજ છે. આ એ જ સમયગાળો છે જેને હિન્દુ માન્યતાઓમાં મહાભારતનો સમય કહેવામાં આવે છે. આ સાથે, ASI દ્વારા હાથ ધરવામાં આવેલા ઘણા જૂના ખોદકામથી પણ સાબિત થયું છે કે OCP શૈલીના વાસણો સીધા મહાભારત કાળ સાથે સંબંધિત છે. જે રીતે આ બધા OCP શૈલીના વાસણો ૨૦ મીટરની ઊંડાઈએ મળી આવ્યા છે, તે અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે આ વાસણો ૫ હજાર વર્ષથી વધુ જૂના હોઈ શકે છે. અત્યાર સુધી, NCERT પુસ્તકોમાં મહાભારત કાળ ૩,૦૦૦ વર્ષ જૂનો હોવાનું કહેવામાં આવતું હતું, પરંતુ ડીગ ખાતે ખોદકામ પછી, આ સમયગાળો ૫,૦૦૦ વર્ષથી વધુનો હોઈ શકે છે. એટલું જ નહીં, ડીગ ખાતે કરવામાં આવેલા ASI ખોદકામમાં, ભગવાન શિવ અને પાર્વતીની આશરે ૩,૦૦૦ વર્ષ જૂની મૂર્તિ પણ મળી આવી છે, જે ભારતમાં મૂર્તિ પૂજાના સૌથી જૂના ઉદાહરણોમાંની એક છે.

**ન્યૂઝ બ્રિફ**

## ફેસબુક ઉપર ખાલી 3 શબ્દો લખવા બેન્ક કર્મીને મોંઘા પડ્યા

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૭ ।

કર્ણાટકની કોડાગુ પોલીસે બેંક કર્મચારી પાસેથી ૭ લાખ રૂપિયાની સાયબર છેતરપિંડી કરવાના આરોપમાં પાંચ લોકોની ધરપકડ કરી છે. પાંચેય લોકોએ નકલી પોલીસ અધિકારીઓ તરીકે ઓળખ કરીને આ છેતરપિંડી કરી હતી. આરોપીઓની ઓળખ ઈબ્રાહિમ બાદશાહ, રાઘવેન્દ્ર, સંગીતા, ચરણ તરીકે થઈ છે. આરોપીઓમાંથી એક સગીર છે. સંગીતા મુખ્ય આરોપી ઈબ્રાહિમની પત્ની છે. ફરિયાદ મુજબ, પીડિત પાર્શીવ મૂર્તિ મડાપટન ગામનો રહેવાસી છે. તેનું ગામ કુશલનગર શહેરમાં આવેલું છે. તેણે જણાવ્યું કે તેણે ૧૧ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ ફેસબુક પર એક વ્યક્તિને ભૂલથી મેસેજ મોકલ્યો હતો. ૨ નવેમ્બરના રોજ તેને એક ફોન આવ્યો. ફોન કરનારે દાવો કર્યો હતો કે તે પેરિયાપટન સાયબર પોલીસ વિભાગમાંથી બોલી રહ્યો છે. ફોન કરનારે પીડિતને કહ્યું કે તેણે સોશિયલ મીડિયા પર એક છોકરીને હેરાન કરી છે. ફોન કરનારે ૭ લાખ રૂપિયાની માંગણી કરી હતી.

## 30 અબજ ડોલરની સહાય આપીશું અને પ્રતિબંધો હળવા કરીશું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૭ ।

ઈરાન-ઈઝરાયલ વચ્ચે યુદ્ધ વિરામ બાદ અમેરિકાની ટ્રમ્પ સરકારે ઈરાન સાથે એક નવો કરાર કરવાની યોજના બનાવી છે. જેમાં ઈરાનને ૩૦ અબજ ડોલર (રૂ. ૨.૫૭ લાખ કરોડ) સુધીની સહાયતા, પ્રતિબંધોમાં રાહત અને ફ્રીઝ કરેલા અબજો ડોલરની રકમ મુક્ત કરવાની રજૂઆત સામેલ છે. હાલમાં જ અમેરિકાએ ઈરાનના પરમાણુ કાર્યક્રમનો વિરોધ કરતાં તેના ત્રણ પરમાણુ મથક પર હુમલો કર્યો હતો. હવે યુદ્ધવિરામ બાદ તેણે ઈરાન સાથે પરમાણુ સમાધાન પર ચર્ચાઓ શરૂ કરી છે. જેમાં ઈરાનને એક નોન એનરિચમેન્ટ ન્યૂક્લિયર પ્રોગ્રામ માટે ૩૦ અબજ ડોલર (રૂ. ૨.૫૭ લાખ કરોડ)ની સહાયતા આપવાનો પ્રસ્તાવ રજૂ કરાયો છે. આ ફંડનો ઉપયોગ વીજ મશીનરી જેવા નાગરિક ઉર્જા ઉત્પાદન માટે થશે. ટ્રમ્પ સરકારે સ્પષ્ટતા કરી છે કે, આ રકમ અમેરિકા દ્વારા આપવામાં નહીં આવે. પરંતુ તેના અરબ પાર્ટનર્સ (કતાર, યુએઈ, અને સાઉદી અરેબિયા) દ્વારા આપવામાં આવશે.

### ટ્રમ્પે કહ્યું કે ભારત સાથે તેમની “ગ્રેટ ડીલ” છે

# ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સાથે “બહુ મોટી” ટ્રેડ ડીલનો સંકેત આપ્યો

**ચીન સાથે ટ્રેડ ડીલ પર હસ્તાક્ષર કર્યા પછી જ, અમેરિકાના રાષ્ટ્રપતિએ કહ્યું કે તેમના દેશ પાસે કેટલીક ગ્રેટ ડીલ છે**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૭ ।



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા અને ભારત વચ્ચે એક ટ્રેડ ડીલને લઈને મોટી જાહેરાત કરી છે. તેમણે શુક્રવારે કહ્યું કે અમેરિકાની ભારત સાથે એક મોટી ટ્રેડ ડીલ થવાની છે. ડોનાલ્ડ ટ્રમ્પે ‘બિગ બ્યુટીફૂલ બિલ’ પ્રોગ્રામમાં બોલતાં ભારત સાથે ‘‘ખૂબ મોટી’’ ટ્રેડ ડીલનો સંકેત આપ્યો. ચીનની સાથે ટ્રેડ ડીલ પર સિગ્નેચર કર્યાના તરત બાદ અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું કે તેમના દેશ પાસે કેટલીક સારી ડીલ છે. વ્હાઈટ હાઉસમાં ‘બિગ બ્યુટીફૂલ ઈવેન્ટ’ને સંબોધિત કરતાં ટ્રમ્પે કહ્યું કે ભારત સાથે તેમની ‘‘ગ્રેટ ડીલ’’ છે. ટ્રમ્પે પોતાના સંબોધનમાં કહ્યું કે, ‘‘દરેક અમારી સાથે ટ્રેડ ડીલ કરવા ઈચ્છે છે અને તેનો ભાગ બનવા માંગે છે. યાદ કરો થોડા મહિના પહેલાં મીડિયા પૂછી રહ્યું હતું કે શું ખરેખર કોઈ ટ્રેડ ડીલમાં રસ દેખાડશે? અમે કાલે જ ચીન સાથે એક ડીલ સાઈન કરી છે. અમે હજી સારી ડીલ કરીશું. ભારત સાથે પણ ઘણી મોટી ડીલ થઈ શકે છે.’’ જોકે, ટ્રમ્પે એમ પણ કહ્યું કે અમેરિકા બધા દેશો સાથે ડીલ નહીં કરે. અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું કે અમે ભારત માટે દ્વાર ખોલવા જઈ રહ્યા છીએ. ટ્રમ્પે કહ્યું કે, ‘‘અમે હમણાં ચીન સાથે (ટ્રેડ ડીલ) પર હસ્તાક્ષર કર્યા છે. અમે બધા સાથે ડીલ નથી કરવા જઈ રહ્યા... પરંતુ અમે કેટલીક શાનદાર ડીલ કરી રહ્યા છીએ. અમે વધુ એક આવી ડીલ કરવા જઈ રહ્યા છીએ, કદાચ ભારત સાથે...., એક ખૂબ મોટી ડીલ... અમે ભારત માટે દરવાજા ખોલવા જઈ રહ્યા છીએ.’’ તેમણે કહ્યું કે, અમે લેટર મોકલીને બધાનો આભાર વ્યક્ત કરીશું. સાથે જ તેમને ૨૫, ૩૫ કે ૪૫ ટકા ચૂકવણી કરવા માટે કહીશું. તેમણે કહ્યું કે આ સરળ રીત રહેશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભારત અને અમેરિકા વચ્ચે આગામી મહિને ટ્રેડ ડીલ પર સાઈન થઈ શકે છે. બંને દેશો ૯ જુલાઈ પહેલાં આ મોટી ટ્રેડ ડીલને આખરી ઓપ આપી શકે છે. જોકે, આ અંગે ભારત તરફથી કોઈ અધિકારીક નિવેદન નથી આપવામાં આવ્યું. મિનિસ્ટ્રી ઓફ કોમર્સમાં વિશેષ સચિવ અને મુખ્ય વાટાઘાટકાર રાજેશ અગ્રવાલની લીડરશિપમાં એક ભારતીય ટીમ પોતાના અમેરિકી સમકક્ષો સાથે આગામી ટ્રેડ બેઠક માટે વોશિંગટન પહોંચી ગઈ છે. ન્યુઝ૧૮એ સુત્રોના હવાલે જણાવ્યું કે બંને દેશ ૯ જુલાઈ પહેલાં કરારને અંતિમ ઓપ આપવાનો પ્રયત્ન કરી રહ્યા છે. નોંધનીય છે કે અમેરિકા દ્વારા ૨ એપ્રિલે જાહેર હાઈ ટેરિફને ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશને ૯ જુલાઈ સુધી નિલંબિત કરી દીધું હતું.

### મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન દરમિયાન મૌન રહ્યા હતા

# રાજા રઘુવંશી હત્યા કેસમાં નવો વળાંક, બે આરોપીઓ ફરી ગયા

**અગાઉ રાજા રઘુવંશી હત્યા મામલામાં મેઘાલય પોલીસે દાવો કર્યો હતો કે બધા આરોપીઓએ ગુનો કબૂલ કર્યો છે**

। (એજન્સી) ઈન્દોર, તા.૨૭ ।



મેઘાલયમાં સોનમ રઘુવંશીને તેના પતિ રાજા રઘુવંશીની હત્યા કરવામાં મદદ કરનારા ત્રણ આરોપીઓમાંથી બે આરોપીઓ ફરી ગયા છે અને મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન આપવાનો ઈનકાર કરી દીધો છે. શિલોંગ એસપી હર્બર્ટ પિનિયાદ ખારકોંગોરે જણાવ્યું હતું કે ગુરુવારે મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા ત્યારે આકાશ રાજપૂત અને આનંદ કુર્મી ચૂપ રહ્યા હતા અને કોઈ નિવેદન આપવાનો ઈનકાર કર્યો હતો. અગાઉ, મેઘાલય પોલીસે દાવો કર્યો હતો કે બધા આરોપીઓએ ગુનો કબૂલ કર્યો છે. શિલોંગ એસપીએ કહ્યું કે અમે પાંચ આરોપીઓમાંથી ફક્ત બેને મેજિસ્ટ્રેટ સમક્ષ મોકલ્યા હતા. તેઓ કોઈ નિવેદન આપવા માંગતા નહોતા. અમારી પાસે તેમની સામે પૂરતા પુરાવા છે. અમે ફોરેન્સિક તપાસ રિપોર્ટની પણ રાહ જોઈ રહ્યા છીએ. તેમણે કહ્યું કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૧૮૦ હેઠળ નોંધાયેલા નિવેદનો તપાસ અને ઉલટતપાસ દરમિયાન અધિકારીઓને મદદ કરે છે, પરંતુ કલમ ૧૮૩ હેઠળ મેજિસ્ટ્રેટ સમક્ષ નોંધાયેલા નિવેદનો જ કોર્ટમાં મહત્વપૂર્ણ છે. આનંદ અને આકાશ ઉપરાંત, વિશાલ સિંહ ચૌહાણે ગયા મહિને મેઘાલયમાં તેના પતિ રાજાની હત્યામાં સોનમ અને તેના પ્રેમી રાજ કુશવાહાને મદદ કરી હતી. ઈન્દોરના રહેવાસી રાજાએ ૧૧ મેના રોજ સોનમ સાથે લગ્ન કર્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, સોનમના રાજ સાથેના સંબંધ હોવા છતાં લગ્ન થયા હતા, જે તેના પરિવારની માલિકીની ફર્નિચર શીટ કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતો હતો. રાજા રઘુવંશી હત્યા કેસની તપાસ અંગે માહિતી આપતા, શિલોંગના પોલીસ અધિક્ષકે જણાવ્યું હતું કે અમને એક વાહનમાંથી બંદૂક, કારતૂસ અને ૫૦,૦૦૦ રૂપિયા મળી આવ્યા છે. રાજ અને આકાશે બેગમાં હથિયાર હોવાનું ખુલ્યું હતું. અમે જાણવા માંગીએ છીએ કે લેપટોપ જેવી સામગ્રી ફેંકી દેવામાં આવી છે કે નહીં. તેમણે દાવો કર્યો હતો કે લેપટોપ ફેંકી દેવામાં આવ્યા હતા.

### કંપનીમાં લગાવ્યા કરોડો રૂપિયા

# ક્રિકેટર વિરાટે બિઝનેસની પીચ ઉપર રમી મોટી ગેમ

**વિરાટે સ્પોર્ટ્સ ગુડ્સ બનાવતી કંપની એજિલિટાસ સ્પોર્ટ્સમાં ૪૦ કરોડ જેટલા રૂપિયાનું રોકાણ કર્યું**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

ક્રિકેટના મેદાનમાં ધુંઆધાર બેટીંગ કરનાર વિરાટ કોહલી હવે બિઝનેસની પિચ પર પણ મોટી ગેમ રમી રહ્યા છે. તેમણે સ્પોર્ટ્સ ગુડ્સ બનાવતી કંપની એજિલિટાસ સ્પોર્ટ્સમાં ૪૦ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. આ અંગે જાણકાર સૂત્રોએ મનીકંટ્રોલને આ માહિતી આપી છે. એજિલિટાસ સ્પોર્ટ્સ કંપનીને પ્યુમા ઈન્ડિયાના પૂર્વ મેનેજિંગ ડાયરેક્ટર અભિષેક ગાંગુલીએ શરૂ કરી છે. અભિષેક ગાંગુલી એ જ વ્યક્તિ છે, જેમણે વિરાટ કોહલીને પ્યુમાના બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. એજિલિટાસ સ્પોર્ટ્સ કંપનીનું હેડક્વાર્ટર બેંગલુરુમાં આવેલું છે, આ કંપનીનું લક્ષ્ય ભારતમાં રમતગમત સાથે સંબંધિત સામાનનું એન્ડ-ટુ-એન્ડ ઈકોસિસ્ટમ ઊભું કરવાનું છે, જેમાં મેન્યુફેક્ચરિંગથી લઈને રિટેલ સુધીની બધી બાબતો સામેલ છે. કંપની જે વસ્તુઓ જાતે બનાવી શકે તેમ નથી, આ માટે તે આ ક્ષેત્રની એક્સપર્ટ કંપનીઓનું અધિગ્રહણ કરશે. વર્ષ ૨૦૨૩માં એજિલિટાસે મોચિકો શૂઝનું અધિગ્રહણ કર્યું હતું, જે એડિડાસ, પ્યુમા, ન્યૂ બેલેન્સ, સ્કેચર્સ જેવી બ્રાન્ડ્સ માટે શૂઝ બનાવે છે. કંપનીએ લોટ્ટો (LOto) બ્રાન્ડના ભારતમાં લાઈસન્સિંગ અધિકારો પણ મેળવ્યા છે.

### ઘર ખરીદનારા લોકો માટે મોટી રાહત

# ગ્રાહક ઘરની બુકિંગ રદ કરશે તેણે નિર્ધારિત સમયમાં સંપૂર્ણ બુકિંગ રકમ પરત કરવી પડશે

**જો બિલ્ડર નિર્ધારિત સમયમર્યાદામાં સંપૂર્ણ રિફંડ નહીં આપે તો તેણે વ્યાજ સાથે પૈસા પરત કરવા પડશે**

। (એજન્સી) મુંબઈ, તા.૨૭ ।

RERA એ એક મહત્વપૂર્ણ નિર્ણયમાં બિલ્ડરને આદેશ આપ્યો છે કે જે ગ્રાહક ઘરની બુકિંગ રદ કરશે તેણે નિર્ધારિત સમયમર્યાદામાં સંપૂર્ણ બુકિંગ રકમ પરત કરવી પડશે. જો બિલ્ડર નિર્ધારિત સમયમર્યાદામાં સંપૂર્ણ રિફંડ નહીં આપે તો તેણે વ્યાજ સાથે પૈસા પરત કરવા પડશે. ખરેખર, આ મામલો મુંબઈનો છે. એક ગ્રાહકે મુંબઈના મુલુંડમાં સ્થિત લોઢા ડેવલપર્સની સોસાયટીમાં ૭ લાખ રૂપિયા ચૂકવીને ૨.૨૭ કરોડ રૂપિયાનું ઘર બુક કરાવ્યું હતું. લોઢાના સેલ્સ મેનેજરે ગ્રાહકને મૌખિક ખાતરી આપી હતી કે જો તેને કોઈપણ પ્રકારની વ્યક્તિગત, નાણાકીય સમસ્યાનો સામનો કરવો પડે અથવા બેંક દ્વારા લોન મંજૂર ન થાય તો બુકિંગના બધા પૈસા તેને પરત કરવામાં આવશે. પરંતુ, બાદમાં બિલ્ડર પોતાના નિવેદનથી ફરી ગયો. અહેવાલ મુજબ, બેંકે ગ્રાહકની હોમ લોન અરજી ફગાવી દીધી હતી, ત્યારબાદ ગ્રાહકે બિલ્ડરને બુકિંગ રકમ પરત કરવા અપીલ કરી હતી. પરંતુ બિલ્ડરે નિયમોનો હવાલો આપીને ગ્રાહકને રિફંડ આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો, જેના પછી હતાશ ગ્રાહકે MahaRERA (મહારાષ્ટ્ર RERA) નો સંપર્ક કર્યો. બિલ્ડરે જણાવ્યું હતું કે બુકિંગ ફોર્મના નિયમો અને શરતોના કલમ ૧.૪ અને ૩.૫ મુજબ, જેના પર ઘર ખરીદનાર દ્વારા સહી કરવામાં આવી હતી, આવી પરિસ્થિતિઓ માટે કોઈ રિફંડ આપી શકાતું નથી. ગ્રાહક અને બિલ્ડરનો સંપૂર્ણ પક્ષ સાંભળ્યા પછી મહારેરાએ તેના નિર્ણયમાં જણાવ્યું હતું કે સેલ્સ મેનેજરે ગ્રાહકને બુકિંગ ફોર્મના નિયમો અને શરતો વિશે સંપૂર્ણ માહિતી આપી ન હતી. મહારેરાએ જણાવ્યું હતું કે ગ્રાહકે ૧૮ નવેમ્બરના રોજ બુકિંગ ફોર્મ પર સહી કરી હતી અને ૨૭ નવેમ્બરના રોજ ૯ દિવસની અંદર, બિલ્ડરને જાણ કરવામાં આવી હતી કે તેની લોન અરજી નામંજૂર કરવામાં આવી છે. તેથી તેને બુકિંગ રકમ પરત કરવી જોઈએ. તેથી બિલ્ડરનો દલીલ કે તેમણે બુકિંગ પ્રક્રિયામાં ઘણો ખર્ચ કર્યો છે અને ગ્રાહક દ્વારા આપવામાં આવેલી પ્રતિબદ્ધતાને કારણે અન્ય સંભવિત ખરીદદારોને ઘર વેચવાની તક ગુમાવી દીધી છે તે સ્વીકાર્ય નથી.

## સંજુ સેમસન નવી ટીમ સાથે જોડાશે! ૫ જુલાઈએ નિર્ણય થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

સંજુ સેમસન ટૂંક સમયમાં એક નવી T20 ટીમ મેળવવા જઈ રહ્યો છે. તે ફ્રેન્ચાઈઝી લીગમાં એક નવી ટીમ સાથે રમતા જોવા મળશે. વિકેટકીપર બેટ્સમેન સંજુ સેમસન પહેલી વાર કેરળ ક્રિકેટ લીગ (KCL)ના ખેલાડીઓની હરાજીમાં પ્રવેશવા માટે તૈયાર છે. KCL T20 લીગની બીજી આવૃત્તિ ઓગસ્ટમાં શરૂ થશે. કેરળ ક્રિકેટ એસોસિએશન દ્વારા આયોજિત KCL 2.0 હરાજી ૫ જુલાઈએ તિરુવનંતપુરમમાં યોજાશે. આ હરાજીમાં સંજુ સૌથી મોટું નામ હશે. જો આ ખેલાડી નવી ટીમમાં જોડાશે તો આગામી સીઝન ક્રિકેટ પ્રેમીઓ અને સંજૂના ફેન્સ માટે રસપ્રદ બની રહેશે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વ્યસ્ત હોવાને કારણે સંજુ સેમસન ૨૦૨૪માં યોજાયેલી KCLની પહેલી આવૃત્તિમાં રમી શક્યો ન હતો. ત્યારબાદ તેને લીગનો એમ્બેસેડર બનાવવામાં આવ્યો હતો. પરંતુ આ વર્ષે તેણે પોતાનું નામ હરાજી માટે મોકલ્યું છે. આ વર્ષે એશિયા કપ યોજાવાનો છે. આ વાતને ધ્યાનમાં રાખીને, સંજુએ પોતાનું નામ હરાજી પૂલમાં આપ્યું છે. KCLની નવી સીઝન ૨૨ ઓગસ્ટથી ૦૭ સપ્ટેમ્બર સુધી ચાલશે. આનો અર્થ એ થયો કે જો બાંગ્લાદેશ વિરુદ્ધ ભારત (૧૭ ઓગસ્ટ - ૩૧ ઓગસ્ટ) સીરિઝ આગળ જાય છે, તો સેમસન પ્લેઓફ મેચો માટે ઉપલબ્ધ થઈ શકે છે. સંજુ સેમસન જેવા મોટા ખેલાડીઓ આ લીગમાં જોડાતા અન્ય ખેલાડીઓને મોટો ફાયદો થશે. ખાસ કરીને તિરુવનંતપુરમના લોકો માટે તે મહત્વનું હશે. જો તેને ત્રિવેન્દ્રમ રોયલ્સ ટીમ દ્વારા પસંદ કરવામાં આવે છે, તો તેને સ્થાનિક લોકોનો ટેકો મળશે. અને સ્ટેડિયમમાં તેને જોવા માટે મોટી ભીડ ઉમટી પડશે. IPLમાં રાજસ્થાન રોયલ્સનું નેતૃત્વ કરનાર સંજુ આ લીગ દ્વારા પ્રેક્ટિસ કરવા અને ભારતીય T20 ટીમમાં પોતાનું સ્થાન સુરક્ષિત કરવા માંગશે. સંજુ હાલમાં ટીમની બહાર છે. ખાસ કરીને જ્યારે સંજુને આ વર્ષની શરૂઆતમાં ઈંગ્લેન્ડ સામેની ૫ મેચની T20 સીરિઝમાં તક મળી હતી.

### રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) મહાસચિવ દત્તાત્રેય હોસબાલેએ કહ્યું,

# બંધારણમાંથી સમાજવાદી-ધર્મ નિરપેક્ષ શબ્દ હટાવવા વિચારવું જોઈએ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના મહાસચિવ દત્તાત્રેય હોસબાલેએ ગુરુવારે માંગ કરી હતી કે કોંગ્રેસે ૫૦ વર્ષ પહેલાં ઈન્દિરા ગાંધી સરકાર દ્વારા લાદવામાં આવેલી કટોકટી માટે માફી માંગવી જોઈએ. આ સાથે જ દિલ્હીમાં એક કાર્યક્રમને સંબોધિત કરતી વખતે હોસબાલેએ બંધારણના આમુખમાંથી સમાજવાદી અને ધર્મનિરપેક્ષ બે શબ્દો દૂર કરવાની હિમાયત કરી. આ શબ્દો કટોકટી દરમિયાન તત્કાલીન કોંગ્રેસ સરકારે ઉમેર્યા હતા.

વર્ષ ૧૯૭૫માં લાદવામાં આવેલી કટોકટીને યાદ કરતાં હોસબાલેએ કહ્યું કે, તે દરમિયાન હજારો લોકોને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા અને ત્રાસ આપવામાં આવ્યો હતો. ન્યાયતંત્ર અને મીડિયાની સ્વતંત્રતા પણ છીનવાઈ ગઈ હતી. કટોકટી દરમિયાન મોટા પાયે બળજબરીથી નસબંધી કરવામાં આવી હતી. તેમણે કટાક્ષ કર્યો કે જે લોકો તે સમયે આ બધું કરી રહ્યા હતા તેઓ આજે બંધારણની નકલ લઈને ફરે છે. તેમણે આજ સુધી માફી માંગી નથી, હવે તો માફી માંગો. તમારા પૂર્વજોએ આ કર્યું હતું, તમારે આ માટે દેશની માફી માંગવી જોઈએ.

RSS મહાસચિવ હોસબાલેએ કહ્યું, બાબા સાહેબ આંબેડકર દ્વારા બનાવવામાં આવેલા બંધારણના આમુખમાં આ શબ્દો ક્યારેય નહોતા. આ શબ્દો કટોકટી દરમિયાન ઉમેરવામાં આવ્યા હતા જ્યારે મૂળભૂત અધિકારો સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, સંસદ કાર્યરત ન હતી, ન્યાયતંત્ર લકવાગ્રસ્ત હતું.

કોંગ્રેસે આ અંગે પ્રતિક્રિયા આપતા RSS અને BJP પર બંધારણ વિરોધી હોવાનો આરોપ લગાવ્યો છે. કોંગ્રેસે કહ્યું કે તે ભાજપ-RSS ના ષડયંત્રને ક્યારેય સફળ થવા દેશે નહીં અને આવા કોઈપણ પગલાનો વિરોધ કરશે. કોંગ્રેસે X પર એક પોસ્ટમાં કહ્યું હતું કે, RSS અને BJP ની વિચારસરણી બંધારણ વિરોધી છે. હવે RSS ના મહાસચિવ દત્તાત્રેય હોસબાલેએ બંધારણના આમુખમાં ફેરફારની માંગ કરી છે. હોસબાલે ઈચ્છે છે કે બંધારણના આમુખમાંથી સમાજવાદી અને ધર્મનિરપેક્ષ શબ્દો દૂર કરવામાં આવે. આ બાબા સાહેબના બંધારણને નષ્ટ કરવાનું કાવતરું છે, જે RSS અને BJP લાંબા સમયથી ઘડી રહ્યા છે.

દત્તાત્રેય હોસબાલેના નિવેદન પછી, કોંગ્રેસે દાવો કર્યો હતો કે જ્યારે બંધારણ લાગુ કરવામાં આવ્યું હતું, આ શબ્દો કટોકટી દરમિયાન કોંગ્રેસ સરકારે ઉમેર્યા હતા, ત્યારે RSS એ તેનો વિરોધ કર્યો હતો અને તેની નકલો પણ સળગાવવામાં આવી હતી. લોકસભા ચૂંટણી દરમિયાન, ભાજપના નેતાઓ ખુલ્લેઆમ કહી રહ્યા હતા કે બંધારણ બદલવા માટે સંસદમાં ૪૦૦ થી વધુ બેઠકોની જરૂર છે. કોંગ્રેસ કોઈપણ સંજોગોમાં તેમના આયોજનોને સફળ થવા દેશે નહીં.

## તંત્રી લેખ...

# ટ્રમ્પનું નમ વલણઃ ઈરાનની રાહત, ભારત માટે ફાયદો

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ થતાં વિશ્વમાં એક મોરચે શાંતિ થઈ છે. આ યુદ્ધવિરામ કેટલું ટકશે એ ખબર નથી પણ આ યુદ્ધનું એક સારું પરિણામ ડોનલ્ડ ટ્રમ્પના વલણમાં આવેલો ફેરફાર છે. દુનિયાના બીજા કોઈ દેશની ખબર નથી પણ ભારત માટે આ ફેરફાર સારો સાબિત થઈ શકે છે કેમ કે ટ્રમ્પે ઈરાન પરનો ક્રૂડ ઓઈલના વેચાણનો પ્રતિબંધ હટાવી દેવાનું એલાન કર્યું છે. ટ્રમ્પની જાહેરાત પછી વ્હાઈટ હાઉસના અધિકારીએ એવી સ્પષ્ટતા કરી કે આ ઈરાન પર યુએસ દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધોમાં રાહતની જાહેરાત છે એમ ના સમજવું. અલબત્ત વ્હાઈટ હાઉસ તરફથી કરાયેલી સ્પષ્ટતાનો અર્થ એવો કઢાઈ રહ્યો છે કે, ઈરાન દુનિયાના બીજા દેશોને ક્રૂડ ઓઈલ વેચી શકશે પણ બીજા પ્રતિબંધો ચાલુ રહેશે. અમેરિકાએ ઈરાન પર બીજા દેશો સાથે વ્યાપારથી માંડીને પરમાણુ કાર્યક્રમને રોકવા સહિતના જાત જાતના પ્રતિબંધો મૂક્યા છે. ટ્રમ્પની જાહેરાત માત્ર ક્રૂડ ઓઈલ પૂરતી છે તેથી બીજા પ્રતિબંધો નહીં હટે એવું અર્થઘટન કરાઈ રહ્યું છે ને આ અર્થઘટન ખોટું પણ નથી. ટ્રમ્પે સાફ શબ્દોમાં કહ્યું કે, ઈરાન ક્રૂડ ઓઈલનો વેપાર કરે છે તેને હું ઈચ્છું તો રોકી શકું છું પણ હું ઈરાનને ક્રૂડ ઓઈલનું વેચાણ કરતાં રોકવા માગતો નથી. યુદ્ધના કારણે થયેલા નુકસાનમાંથી બહાર નીકળવા માટે ઈરાને ક્રૂડ ઓઈલ વેચવું જરૂરી છે. આ સંજોગોમાં ચીન ઈરાન પાસેથી ઓઈલ ખરીદે તો અમને કોઈ સમસ્યા નથી.

## નાણાં મંત્રી નિર્મલા સીતારમણે ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતે આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર (IFSC)ની મુલાકાત લીધી

કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણે ગાંધીનગરના GIFT સિટી ખાતે ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર (IFSC) ની મુલાકાત લીધી અને GIFT ઈન્ટરનેશનલ ફાઈનાન્સ સર્વિસીસ સેન્ટર (GIFT IFSC) ની પ્રગતિની સમીક્ષા કરી અને મુખ્ય બજાર સહભાગીઓ સાથે વાતચીત કરી હતી. આ ઉચ્ચ-સ્તરીય સમીક્ષા બેઠકમાં ગુજરાત સરકારના નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, નાણા સચિવ અને સચિવ, DEA, ભારત સરકારના નાણા મંત્રાલયના તમામ વિભાગોના સચિવો, કોર્પોરેટ બાબતોનું મંત્રાલય, કાનૂની બાબતોના વિભાગ, ખાસ ફરજ પરના અધિકારી અને નિયુક્ત સચિવ, DEA, વાણિજ્ય વિભાગ, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ખાસ સચિવ, ડેપ્યુટી ગવર્નર, RBI, IFSCA, GIFT સિટી કંપની લિમિટેડ, SEBI ના અધ્યક્ષો, IRDAI ના કાર્યકારી અધ્યક્ષ અને નાણા મંત્રાલય અને ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. GIFT સિટી કંપની લિમિટેડ અને IFSCA એ GIFT IFSC ને એક અગ્રણી વૈશ્વિક નાણાકીય કેન્દ્ર તરીકે સ્થાન આપવાના હેતુથી મુખ્ય નીતિ, નિયમનકારી અને કર સુધારાઓ પર પ્રેઝન્ટેશન આપ્યું હતું. પોતાના હસ્તક્ષેપમાં, ભારતની વૈશ્વિક નાણાકીય સ્થિતિ વધારવામાં GIFT IFSC ની ભૂમિકાની પ્રશંસા કરતી વખતે અને ભારતીય કંપનીઓ અને વ્યક્તિઓ દ્વારા આંતરરાષ્ટ્રીય નાણાકીય જોડાણને ફરીથી આકાર આપવા પર તેની અસરને સ્વીકારતી વખતે, કેન્દ્રીય નાણાં મંત્રીએ આગામી થોડા વર્ષોમાં જ સુધારાઓને ઝડપી બનાવવા પર ભાર મૂક્યો, જેથી વૃદ્ધિ 'વિકસિત ભારત @2047' ના વિઝન સાથે સુસંગત થઈ શકે. સંરચિત અને સુવ્યવસ્થિત ચેનલો દ્વારા ભારતમાં વિદેશી મૂડી લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાના GIFT IFSC ના મુખ્ય આદેશને પુનરાવર્તિત કરતા, શ્રીમતી સીતારમણે આ દિશામાં GIFT IFSC ની મહત્વાકાંક્ષી જરૂરિયાતોને ઓળખવા માટે ભારતીય નાણાકીય ક્ષેત્રના નિયમનકારો દ્વારા પહેલ કરવાના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો. કેન્દ્રીય નાણાં મંત્રીએ સંકેત આપ્યો કે ટેકનોલોજી અને ખૂબ મોટા સ્થાનિક બજારની ઉપલબ્ધતા અને તેની નાણાકીય જરૂરિયાતોને લગતા ભારતના બેવડા ફાયદાઓનો સ્પર્ધાત્મક લાભ મેળવવા માટે ઉપયોગ કરવો જોઈએ. શ્રીમતી સીતારમણે અધિકારીઓને દેશમાં HNI રોકાણો આકર્ષવા માટે GIFT IFSC ને વધુ સ્પર્ધાત્મક અને ખર્ચ-અસરકારક બનાવવા માટે કામ કરવા હાકલ કરી અને દેશની નાણાકીય જરૂરિયાતો માટે IFSC માં સોવરિન અને પેન્શન ફંડ એકત્ર કરવામાં IFSCA ની ભૂમિકાની સંભાવના પર ભાર મૂક્યો અને સારી રીતે ગોળાકાર અને ભવિષ્ય માટે તૈયાર કાર્યબળ સુનિશ્ચિત કરવા માટે GIFT IFSC ના વિસ્તૃત આદેશ સાથે પ્રતિભા વિકાસને સંરેખિત કરવા વિશે પણ વાત કરી. ભારતના મુખ્ય સોનાના આયાતકાર તરીકેના દરજ્જાને ધ્યાનમાં રાખીને, કેન્દ્રીય નાણામંત્રીએ ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ (IIBX) માં હિસ્સેદારોની ભાગીદારીનો વિસ્તાર કરીને અને ભાવ શોધને મજબૂત કરીને કામગીરી વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો, જેનાથી GIFT IFSC ને વૈશ્વિક બુલિયન હબ તરીકે સ્થાન મળશે. ૨૧ સંસ્થાઓના વરિષ્ઠ પ્રતિનિધિઓ સાથેની રાઉન્ડ ટેબલ વાર્તાલાપમાં, કેન્દ્રીય નાણાં મંત્રીએ બેંકિંગ, વીમા, મૂડી બજારો, ભંડોળ ઉદ્યોગ, નાણાકીય કંપનીઓ, ચુકવણી સેવાઓ પ્રદાતાઓ, વિમાન અને જહાજ લીઝિંગ કંપનીઓ, ટેકફિન કંપનીઓ, ITFS પ્લેટફોર્મ પ્રદાતાઓ અને વિદેશી યુનિવર્સિટીઓના એમડી અને સીઈઓ, અધ્યક્ષો, સ્થાપકો અને સીએફઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. રાઉન્ડ ટેબલ દરમિયાન, વિવિધ બજાર સહભાગીઓએ IFSC માંથી સંચાલન કરવાના તેમના અનુભવો પર પ્રકાશ પાડ્યો અને IFSCA દ્વારા વ્યવસાય સ્થાપવાની સુવિધાની પ્રશંસા કરી હતી. સહભાગીઓએ નાણાકીય સેવાઓ વ્યવસાયના વિકાસ માટે વધુ તકો પ્રાપ્ત કરવા માટે વધારાની પહેલ પણ સૂચવી હતી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને સરકારના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા વર્ષોથી રોકાણકારો સાથે આ પ્રકારની નિયમિત વાતચીતથી ચિંતાઓનું નિરાકરણ કરવામાં અને વ્યવસાયિક વૃદ્ધિને સક્ષમ બનાવવામાં મદદ મળી છે. કેન્દ્રીય નાણાં મંત્રીએ ટિપ્પણી કરી હતી કે આગામી બે દાયકામાં ભારતના વિકાસ માર્ગ માટે ઉચ્ચ વૃદ્ધિ ક્ષેત્રોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે GIFT IFSC ને ભારતમાં વૈશ્વિક મૂડી પ્રવાહ માટે એક અગ્રણી પ્રવેશદ્વાર તરીકે વિકસાવવા જોઈએ. શ્રીમતી સીતારમણે ગિફ્ટ સિટીને એક ગતિશીલ સ્માર્ટ સિટીમાં વિકસાવવાના મહત્વ પર ભાર મૂક્યો, જે સંકલિત, આધુનિક અને ટકાઉ જીવન માળખાથી સજ્જ હોય, અને જણાવ્યું કે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાંથી ટોચના સ્તરની પ્રતિભાને આકર્ષવા માટે આવી વિશ્વ-સ્તરીય સુવિધાઓ સ્થાપિત કરવી જરૂરી છે.

**કથાની સાત્વિકાત્વિક ચર્ચામાં નારદભક્તિ સૂત્ર માં લખ્યું છે કે જેણે ભક્તિ અથવા સેવા કરવી હોય, એને આ ચાર ચર્ચાથી મુક્ત રહેવું**

# સેવા કરનારે સ્ત્રીની, નાસ્તિકની, ધનની કે પછી વૈરીની સાથે ચર્ચા કરવી નહીં!



સદ્‌ગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**શાસ્ત્રમાં ત્રણ પ્રકારની હિંસા બતાવી છે, કૃતા, કારિતા, અનુમોદિત, કૃતા એટલે આપણે પોતે જે કરીએ તે, કારિતા એટલે તમે પાછળ ઊભા રહીને બીજાને હિંસા કરવા માટે પ્રોત્સાહન આપવું એને કારિતા કહેવાય, જ્યારે આપણી સામે કોઈની હિંસા થતી હોય, ત્યારે એનું અનુમોદન કરવું, ખુશ થવું! એટલે કે, એ તો એ જ લાગ નો હતો! એવો ભાવ અનુમોદિતા દર્શાવે છે.**

માનસ સેવા યજ્ઞની પાંચમા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ એક નાનકડી એવી જ્ઞાન સંદર્ભની વાત કરી. એક સાધુ પાસે એક સાધક જાય છે, અને જ્ઞાન વૃક્ષ ક્યાં છે? એવું પૂછે છે. સાધુ તેને એક લાંબો માર્ગ બતાવે છે, અને અંતમાં તને જ્ઞાન વૃક્ષ મળશે એમ કહે છે. સાધક ત્રણ વર્ષને અંતે ત્યાં પહોંચે છે, અને જુએ છે તો એ જ સાધુ ત્યાં વૃક્ષ નીચે બેઠા છે. સાધક અકળાઈ જાય છે, અને કહે છે કે ત્રણ વર્ષ પહેલા કહી દીધું હોત તો! એટલે સાધુ કહે છે કે આપણે જ્યાં હોઈએ ત્યાં જ જ્ઞાન છે, પ્રેમ છે, પણ એ રીતે એને સિદ્ધ કરી શકાતું નથી, પોતાની મેળે જ અમુક યાત્રા કરવી પડે, ત્યારે જ તત્વતઃ જ્ઞાન શું છે એ સમજાય છે!

માનસ સેવાયજ્ઞમાં દાન આવતું રહે છે અને દરેક પોતપોતાના મનોભાવ વ્યક્ત કરે છે. મને એવું લાગે છે કે આ નવ દિવસનો ભંડારો છે. પહેલા ત્રણ દિવસ આ પંથકે જેટલા ભજનાનંદી આપ્યા અથવા તો અહીં આવી જેમણે ભજન કર્યું એ ભજન શૂરતાનો ભંડારો, પછીના ત્રણ દિવસ આ સેવાયજ્ઞમાં જે દાન આપી રહ્યા છે, એ તમામ દાનવીરોનાં પિતૃઓનો ભંડારો. છેલ્લા ત્રણ દિવસ આ પંથકમાં જે જે સાધુડાની સમાધી છે, એટલે આમાં કોઈ નાત જાતનો ભેદ નથી, પણ કોઈ પણ રીતે ભેખ લીધેલા ના દેહાંતનો મહિમા છે! અને એ વીર સપૂતોને વંદન કરી એમનો ભંડારો કરું છું. શાસ્ત્રમાં ત્રણ પ્રકારની હિંસા બતાવી છે, કૃતા, કારિતા, અનુમોદિત. કૃતા એટલે આપણે પોતે જે કરીએ તે. કારિતા એટલે તમે પાછળ ઊભા રહીને બીજાને હિંસા કરવા માટે પ્રોત્સાહન આપવું એને કારિતા કહેવાય. જ્યારે આપણી સામે કોઈની હિંસા થતી હોય, ત્યારે એનું અનુમોદન કરવું, ખુશ થવું! એટલે કે, એ તો એ જ લાગ નો હતો! એવો ભાવ અનુમોદિતા દર્શાવે છે. કથાની સાત્વિકાત્વિક ચર્ચામાં નારદભક્તિ સૂત્ર માં લખ્યું છે કે જેણે ભક્તિ અથવા સેવા કરવી હોય, એને આ ચાર ચર્ચાથી મુક્ત રહેવું. સ્ત્રીની, નાસ્તિકની, ધનની, અને વૈરીની ચર્ચાથી મુક્ત રહેવું.

(૧) સ્ત્રીનીઃ દેવર્ષિ નારદને ભગવાને પોતાની વિભૂતિ કહી છે, એટલે કે નારદ જે વાત કરે એમાં કંઈક તથ્ય હોય. આપણે તો ૨૧મી સદી માટે વિચારવું પડશે, તો તલગાજરડાને એવું સમજાય છે કે, સાહિત્યમાં નારીની જે નિંદા પર વાત થઈ છે, તેનો ત્યાગ કરવો પડશે. એટલે કે "નારી નરકની ખાણ છે", રામાયણમાં પણ નારી ઉપર ઘણું લખાયું છે, તો એ નારીની નિંદા છે, અને એની ચર્ચામાં ઉતરવું નહીં. દર્દીને તપાસીને ડોક્ટર જે કહે એને નિદાન કહેવાય! એટલે આ બુદ્ધ પુરુષોએ જે તે કાળ પ્રમાણે જે કંઈ કહ્યું હોય એ નિદાન હતું, નિંદા નથી. જ્યારે આપણે જે કરીએ છીએ, એ માતૃ શરીરની નિંદા છે, તો એનાથી મુક્ત રહેવું.

**ઔરત ને જન્મ દિયા મર્દો કો,**
**મર્દોને ઉસે બાજાર દિયા.**
**સ્ત્રી ન્હોત તો આપણે ત્યાં**
**આવો દોહો પણ ન હોત.**

જનની જણ તો ભગત જણ, કાં દાતા કા શૂર! નહિતર રહેજે વાંઝણી, તારું મત ગુમાવીશ નૂર. સેવાથી જ પ્રેમ સુધી પહોંચી શકાય છે અને જેણે પહોંચવું હોય, એને સ્ત્રીની ચર્ચા ન કરવી એટલે કે નિંદા પરની ચર્ચાથી મુક્ત રહેવું. નારી અમારી મા છે, બહેન છે, કોઈના ઘરમાં પત્ની છે, બીજું ક્ષેત્ર નિંદા કરે, પણ પ્રેમક્ષેત્ર એટલે કે ભક્તિ કે સેવા કરવી હોય, એણે નારીનું અપમાન થાય એવી ચર્ચા કરવી નહીં.

(૨) નાસ્તિકનીઃ આ માણસ આસ્તિક નથી, તેને સેવા કાર્યોમાં રસ નથી, તેને ભક્તિમાં રસ નથી, એવી વાતથી મુક્ત રહેવું. આ બ્રહ્માંડ પળેપળ બદલી રહ્યું છે, એમ નાસ્તિક પણ ક્યારેક આસ્તિક થશે, અને ન થાય તો પણ શું? પ્રતિષ્ઠા માટે આજકાલ બધા ઘણું બધું કરી રહ્યા છે, પણ એ ખોટું છે! નિષ્ઠા માટે સેવા થવી જોઈએ, પ્રેમ થવો જોઈએ, ભક્તિ થવી જોઈએ! પૂર્ણપણે નાસ્તિક સાથે પણ મારા સંબંધ રહ્યા છે, એમને મારી સામે કે રામાયણ સામે વાંધો નથી! તો એમના મત કે સહમતની નિંદા ન કરવી, આપણે સેવાથી પ્રેમ સુધી પહોચવામાં અટવાશું તો વિલંબન થશે.

(૩) ધનનીઃ આપણે ત્યાં ધનની નિંદા પણ બહુ થઈ છે, જે ધન દ્રવ્ય બનીને દાનમાં આવે, નહીં તો આવા સેવાના ક્ષેત્રો આગળ વધી જ ન શકે! ઉપરથી ધનની નિંદા અને અંદરથી ધનની અપેક્ષા! ધન એ કંઈ નથી, માયા છે. ભાગવતમાં શુકદેવજી એ સમજાવવા માટે લખ્યું છે કે, અર્થના પંદર અનર્થ છે. ઉદાહરણ આપતા કહ્યું કે અબજોપતિનો દીકરો વિકલાંગ હોય તો ઘણાને અબજોપતિ ન દેખાય, પણ વિકલાંગ દેખાય એટલે ટીકા કરે કે અબજો રૂપિયા છે, પણ છોકરામાં કંઈ નથી. ફલાણા ને આટલા કારખાના છે, પણ અનીતિનો પૈસો છે. જેને સેવાથી પ્રેમ યજ્ઞ સુધી પહોંચવું છે એમણે આવી ચર્ચામાં ઉતરવું નહીં.

(૪) વૈરીનીઃ ઘણી સંસ્થા કે ક્ષેત્રમાં જ અંદરો અંદર જ વેરી હોય અને એટલે તેનો વિકાસ થતો ન હોય ભગવાન કૃષ્ણએ ગીતામાં સંવાદની જ સૂચના આપી છે રામચરિત માનસ પણ સંવાદની જ કથા છે એટલે કે વિવાદી સૂર જગતમાં આવે તો એની ચર્ચા આપણે ન કરાય એક સમય આવશે જ્યારે સમજાશે ત્યારે સ્વીકારવું પડે ખોટું જલ્દી ચાલી જાય પણ સત્ય મોડું સમજાય સત્યને ઉપકરણની કે પ્રયાસની જરૂર નથી! એટલે આપણે સાચા હોઈએ, તો પણ ખોટી ચર્ચાથી મુક્ત રહેવું!

**ઉદાસીન નીત રહિઅ**
**ગોસાઈ,**
**ખલ પરિહરિઅ સ્વાન**
**નાઈ.**

આંગણે કે ડેલીએ લાકડી લઈને બેઠા હોય, તો કૂતરું પણ ત્યાંથી ચાલી જાય છે. એટલે કે ખલના ત્યાગની વાત છે, કૂતરાને પણ ખબર છે કે આ ખલ છે ! આપણે ત્યાં જવાય નહીં!

મારી દ્રષ્ટિએ તો નિંદા કોઈની થવી જોઈએ નહીં, ધર્મની નહીં, અર્થની નહીં, કામની નહીં, મોક્ષની નહીં, પૃથ્વીની નહીં, જળની નહીં, વાયુની નહીં, આકાશની નહીં, મન બુદ્ધિ ચિત્ત અને અહંકારની નિંદા પણ ન થવી જોઈએ. બ્રહ્મચયાર્શ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, કે સંન્યાશ્રમ, એકેયની નિંદા થવી જોઈએ નહીં ! નિંદા એ એક પ્રકારની હિંસા છે, અને એટલે જ નિંદા ભયંકર પાપ છે, એ વાત કાગભુષંડીજી ગરુડનાં પૂછાયેલા પ્રશ્નનાં જવાબમાં કહે છે. ત્યારબાદ કથાના ક્રમમાં રામ જન્મ પછી, મહારાણી કૈકેયીએ એક પુત્રને જન્મ આપ્યો, અને સુમિત્રાજીએ બે પુત્રને જન્મ આપ્યો, આમ આનંદ ચાર ગણો થયો, અયોધ્યામાં એક મહિના સુધી ઉત્સવ ચાલ્યો. અયોધ્યામાં બાળરામની લીલાઓ જોવાં શિવજી પાર્વતીને કહે છે કે, હે દેવી હું પણ ચોરી કરીને એટલે કે આપનાથી છુપાવીને ત્યાં ગયો હતો, મે જ્યોતિષીનું રૂપ લઈને બાળરામનાં દર્શન કર્યા હતાં.

સમય વીતતાં લાગ્યો, નામકરણ સંસ્કારની વેળાએ વશિષ્ઠજી પધાર્યા. વશિષ્ઠજીએ કૌશલ્યાનો પુત્ર, આનંદનો સમુદ્ર છે, સુખની ખાણ છે, જે બાળકનું નામ લેવાથી સાધકને આરામ, વિરામ, વિશ્રામ, અભિરામની પ્રાપ્તિ થાય, એવા બાળકનું નામ હું રામ રાખુ છું.! પણ રામનામ દશરથના પુત્ર પછી જ આવ્યું એવું નથી, રામનામ આદિ અનાદિ છે, જ્યારે કંઈ જ ન્હોતું એ દિવસે પણ રામનામ હતું! કૈકેયીનાં બાળકને જોઈ કહ્યું કે આ બાળકનું નામ લેવાથી વિશ્વનું ભરણપોષણ થશે, કોઈનું શોષણ નહીં કરે, બધાનું પોષણ કરશે, બધાંને ભરશે, માટે હું આનું નામ ભરત રાખું છું. જેનું નામ લેવાથી શત્રુ નહીં, પણ શત્રુતાનો નાશ થશે! વેરીનું નહીં પણ વેરવૃત્તિનું મૃત્યુ થાય, દુશ્મન નહીં પણ દુશ્મનાવટ મિટે એવા બાળકનું નામ હું શત્રુઘ્ન રાખું છું. રામનાં અત્યંત પ્રિય, સમસ્ત ગુણોના ધામ, પરમ ઉદાર એવા સુમિત્રાના બીજા દીકરાનું નામ લક્ષ્મણ રાખ્યું. ગુરુએ વિચારપૂર્વક ચારે ભાઈઓના નામ રાખીને કહ્યું, હે રાજન દુનિયાની દ્રષ્ટિએ આ તમારા પુત્રો છે, પણ અધ્યાત્મક જગતની દ્રષ્ટિએ, આ વેદોના સૂત્ર છે. અને આમ પાંચમાં દિવસની કથાને વિરામ આપ્યો.

**ભગવાન પ્રત્યે પ્રેમ વધારવા ભગવાનના અવતારોની કથા સાંભળો, ધર્મનું સ્થાપન કરવા-જીવોના ઉદ્ધાર કરવા પરમાત્મા અવતાર ધારણ કરે છે**

# પિતાની સંપત્તિ પર અભિમાન શા માટે?, મજા ત્યારે આવે છે જ્યારે સંપત્તિ પુત્રની હોય અને પિતા અભિમાન કરે..



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો જીવનો જીવભાવ ન જાય ત્યાં સુધી અપરોક્ષાનુભવ ન થાય, આનું નામ અદ્વૈતનું જ્ઞાન, જીવ અને બ્રહ્મનું અદ્વૈત પછી સિદ્ધ થાય છે, તે પહેલાં જીવ અને ગુરુ નું અદ્વૈત સિદ્ધ થવું જોઇએ, મનથી એક થવાનું છે, શરીરથી નહીં, ત્રીજા અધ્યાયમાં ચોવીસ અવતારોની કથા કહી છે, શુદ્ધ બ્રહ્મ માયાના સંસર્ગ વિના અવતાર લઈ શકે નહીં.**

આપણે ગઈકાલે અષાઢી બીજે જગન્નાથપુરીમાં ૧૫૩મી અમદાવાદમાં ૧૪૮મી, પાટણ માં ૧૪૩ મી, પાલનપુરમાં ૫૪મી સહિત દેશભરમાં રથયાત્રા ઉત્સાહ ઉમંગભેર કાઢવામાં આવી તો કચ્છીમાડુઓએ નવા વર્ષને ઉજવ્યું ત્યારે ક્યાંક વરસાદી માહોલ તો ક્યાંક કાળઝાળ ગરમી બફારો અનુભવાયો. આ બધા વચ્ચે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જીવનો જીવભાવ ન જાય ત્યાં સુધી અપરોક્ષાનુભવ ન થાય. આનું નામ અદ્વૈતનું જ્ઞાન.જીવ અને બ્રહ્મનું અદ્વૈત પછી સિદ્ધ થાય છે. તે પહેલાં જીવ અને ગુરુ નું અદ્વૈત સિદ્ધ થવું જોઈએ. મનથી એક થવાનું છે, શરીરથી નહીં. ત્રીજા અધ્યાયમાં ચોવીસ અવતારોની કથા કહી છે. શુદ્ધ બ્રહ્મ માયાના સંસર્ગ વિના અવતાર લઈ શકે નહીં. સો ટચનું સોનું એટલું શુદ્ધ હોય છેકે, તેના થી ઘાટ ઘડી શકાય નહીં. ઘાટ ઘડવા તેમાં બીજી ધાતુ ઉમેરવી પડે છે તેમ પરમાત્મા પણ માયાનો આશ્રય કરી પ્રગટ થાય છે, પણ ઈશ્વરને તે માયા બાધક થતી નથી જીવને માયા બાધક થાય છે. ભગવાન પ્રત્યે પ્રેમ વધારવા ભગવાનના અવતારોની કથા સાંભળો. ધર્મનું સ્થાપન કરવા અને જીવોના ઉદ્ધાર કરવા પરમાત્મા અવતાર ધારણ કરે છે. ઠાકોરજીનો અવતાર તમારા ઘરમાં થવો જોઈએ, મંદિરમાં નહીં. માનવ શરીર એ ઘર છે, અને એજ મંદિર છે. પહેલો અવતાર સનતકુમારોનો, તે બ્રહ્મચર્યનું પ્રતીક છે. કોઈ પણ ધર્મમાં બ્રહ્મચર્ય પ્રથમ આવે છે. બ્રહ્મચર્યથી મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર પવિત્ર થાય છે. બ્રહ્મચર્ય નું પાલન કરવાથી અંતઃ કરણ શુદ્ધ થાય છે. પહેલુંપગથિયું છે બ્રહ્મચર્ય. બીજો અવતાર વરાહનો. વરાહ એટલે વર. આહ એટલે શ્રેષ્ઠ દિવસ જે દિવસે સત્કર્મ થાય તે દિવસ શ્રેષ્ઠ. સત્કર્મમાં લોભ નડે છે. લોભને સંતોષથી મારવો. વરાહ અવતાર સંતોષનો અવતાર છે. પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ માનો. લોભને મારી પ્રભુ જે સ્થિતિમાં રાખે તેમાં સંતોષ માનવો,એવરાહ નું અવતારનું રહસ્ય છે. ત્રીજો અવતાર નારદજીનો.એ ભક્તિનો અવતાર છે. બ્રહ્મચર્ય પાળે અને પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ રાખે, તેને નારદ એટલે ભક્તિ મળે નારદજી ભક્તિના આચાર્ય છે. ચોથો અવતાર નર-નારાયણનો ભક્તિ મળે એટલે ભગવાનનો સાક્ષાત્કાર થાય. ભક્તિ દ્વારા ભગવાન મળે છે,પણ ભક્તિ જ્ઞાન-વૈરાગ્ય વિના દઢ થાય નહીં. ભક્તિ સાથે જ્ઞાન-વૈરાગ્ય જોઈએ એટલે પાંચમો અવતાર કપિલદેવ નો એટલેકે જ્ઞાન-વૈરાગ્યનો ભક્તિ જ્ઞાન-વૈરાગ્ય સાથે હશે, તો કાયમ ને માટે રહેશે. છઠ્ઠો અવતાર દત્તાત્રેયનો. ઉપરના પાંચગુણો બ્રહ્મચર્ય, સંતોષ, ભક્તિ જ્ઞાન અને વૈરાગ્ય તમારામાં આવશે,તો તમે ગુણાતીત થશો. તમે આત્ર થશો તો ભગવાન તમારે ત્યાં આવશે. ઉપરના છ અવતારો બ્રાહ્મણ માટે ના તે બ્રાહ્મણ ધર્મનો આદર્શ બતાવે છે.સાતમો અવતાર યક્ષનો આઠમો અવતાર ઋષભદેવનો, નવમો પૃથુરાજાનો, દસમો મત્સર નારાયણનો. આ ચાર અવતારો ક્ષત્રિયો માટેના છે. તે ક્ષાત્રધર્મનો આદર્શ બતાવે છે.

અગિયારમો અવતાર કૂર્મનો. બારમો અવતાર ધન્વંતરીનો, તેરમો અવતાર મોહિની નારાયણ નો. આ અવતાર વૈશ્ય માટેના છે. ચૌદમો અવતાર નૃસિંહ ભગવાન નો એ પુષ્ટિનો અવતાર છે. પ્રહલાદ ઉપર કૃપા કરી છે. પ્રહલાદ જેવી દષ્ટિથી જુઓ તો થાંભલામાં ભગવાનનાં દર્શન થશે. ઈશ્વર સર્વ વ્યાપક છે એમ બોલવાનું નથી, તેનો અનુભવ કરવાનો છે. પંદરમો અવતાર વામન ભગવાનનો છે. બલિ રાજા પૂર્ણ નિષ્કામ છે. માથે ભક્તિનું છત્ર છે અને ધર્મનું બખ્તર પહેર્યું છે.તેને ભગવાન પણ મારી શકતા નથી.આ છે વામનચરિત્રનું રહસ્ય પરમાત્મા મોટા છે.તો પણ બલિ રાજા આગળ તેઓ વામન એટલે કે નાના બન્યા છે. સોળમો અવતાર પરશુરામનો છે. આ આવેશ-અવતાર છે. સત્તરમો વ્યાસ નારાયણનો અવતાર. અઢારમો રામજીનો અવતાર. તે મર્યાદા પુરુષોત્તમનો અવતાર છે. રામજીની મર્યાદાઓનું પાલન કરો એટલે તમારામાં કામ મરશે અને કનૈયો આવશે.ઓગણીસમો અવતાર શ્રીકૃષ્ણનો. શ્રીકૃષ્ણ તો સ્વયં ભગવાન છે પૂર્ણપુરુષોત્તમ.

શ્રીરામ અને શ્રીકૃષ્ણ એક જ છે. મનુષ્ય બે વખત ભાન ભૂલે છે. એક ભૂખથી ભાન ભૂલે છે અને બીજું કામથી ભાન ભૂલે છે. એ બે વખતને સાચવવાના છે. એકમાં રામજીને યાદ કરો અને બીજામાં શ્રીકૃષ્ણને. રામજીના મર્યાદાનું પાલન કરો, તો શ્રીકૃષ્ણ પુરુષોત્તમ પુષ્ટિ એટલે કૃપા કરશે. એકનાથજી મહારાજે આ બંને અવતારોની સુંદર તુલના કરી છે. રામજી રાજમહેલમાં અવતરે છે, કનૈયો કારાગૃહમાં. એકના નામના અક્ષર સરળ, બીજાના જોડાક્ષર. ભણતરમાં પણ સરળ અક્ષર પહેલા ભણાવે છે અને જોડાક્ષર પછી. રામ એ સરળ અક્ષર છે, શ્રીકૃષ્ણ એ જોડાક્ષર છે. સરળ પછી જોડાક્ષર, તેમ રામજી પછી શ્રીકૃષ્ણાવતાર. જેના ઘરમાં રામજી ન પધારે, ત્યાં શ્રીકૃષ્ણ આવતા નથી. આ બે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ અવતાર છે.બાકી ના સર્વ અવતારો અંશાવતાર છે. અલ્પકાળ માટે તથા અલ્પજીવ ના ઉદ્ધાર માટે જે અવતાર થાય છે તે અંશાવતાર અને જે અનંત કાળ માટે તથા અનંત જીવોનું કલ્યાણ કરવા માટે અવતાર થાય તે પૂર્ણાવતાર. ભગવાનમાં મુખ્ય કથા કરવાની છે કનૈયાની. બીજા અવતારોની કથા કહ્યા પછી અધિકાર તે પછી હરિ,કલ્કિ, બુદ્ધ આદિ મળી ચોવીસ અવતારો થયા છે. પરમાત્માના ચોવીસ અવતાર પરમાત્મા શબ્દ માંથી જ નીકળે છે.પ એટલે પાંચ ર એટલે બે,મા એટલે સાડા ચાર, અર્ધો ત્ એટલે આઠ અને છેલ્લો મા એટલે સાડા ચાર. ભગવાન વેદવ્યાસે ભાગવત ચરિત્રોથી પરિ પૂર્ણ ભાગવત નામનું પુરાણ બનાવ્યું. શૌનકજીએ પૂછ્યું કે,વ્યાસજીએ ભાગવતની રચના શા માટે કરી અને રચના કર્યા પછી તેનો પ્રચાર કેવી રીતે કર્યો તે અમને કહો. અતિશય લોભી પ્રતિ પળ ધનનું ચિંતન કરે છે, તેમ જ્ઞાની પ્રતિપળ ઈશ્વરનું સ્મરણ કરે છે. શુકદેવની વૃત્તિ જન્મથી બ્રહ્મકાર છે. શુકદેવજીની દષ્ટિ દેવદષ્ટિ હતી, દેહદષ્ટિ ન હતી.એક વખત સરોવરમાં અપ્સરાઓ સ્નાન કરતી હતી ત્યાંથી નિવસ્ત્રી શુકદેવજી પસાર થયા. અપ્સરાઓએ પૂર્વવત્ સ્નાન ચાલુ રાખ્યું અને કાંઈ લજ્જા અનુભવી નહીં. કપડાં પણ પહેર્યા નહીં. થોડીવાર પછી વ્યાસજી ત્યાંથી પસાર થયા. તેઓ સવસ્ત્ર હતા છતાં તેમને જોઈ અપ્સરા ઓએ તુરત પોતાનાં વસ્ત્રો પહેરી લીધાં. વ્યાસજીએ અપ્સરાઓને તેનું કારણ પૂછ્યું.તેઓએ જણાવ્યું આપ વૃદ્ધ છો, પૂજ્ય છો, પિતા જેવા છો. પરંતુ આપના મનમાં આ પુરુષ છે. આ સ્ત્રી છે, એવો ભેદ છે. ત્યારે શુકદેવજીના મનમાં તેવો કોઈ ભેદ નથી. શુકદેવજી કેવળ બ્રહ્મજ્ઞાની નથી પણ બ્રહ્મદષ્ટિ રાખીને ફરે છે.શુકદેવજીનીઅભેદ દષ્ટિ સિદ્ધ થઈ છે. તેમને ખબર નથી કે આ સ્ત્રી છે કે પુરુષ છે. સંતને જોનારો નિર્વિકાર બને છે શુકદેવજીનાં દર્શન કરી અપ્સરા ઓ પણ નિર્વિકાર બની નિષ્કામ થઈ. જનકરાજાના દરબારમાં એક વખત શુકદેવજી અને નારદજી પધાર્યા. શુકદેવજી બ્રહ્મચારી છે, જ્ઞાની છે. નારદજી પણ બ્રહ્મચારી છે.ભક્તિમાર્ગના આચાર્ય છે. બંને મહાન પુરુષો છે,પરંતુ આબેમાંથી શ્રેષ્ઠ કોણ? જનકરાજાની રાણી સુનયનાએ બીડું ઝડપ્યું કે, હું બંનેની પરીક્ષા કરીશ. સુનયનારાણીએ બંનેને પોતાના મહેલમાં બોલાવ્યા અને હિંડોળા ઉપર બેસાડયા. પછી સુનયના રાણી શણગાર સજીને આવ્યાં અને બંનેની વચ્ચેહિંડોળા ઉપર બેસી ગયાં. આથી નારદજી ને સહેજ સંકોચ થયો.તેથી તેઓ આઘા ખસ્યા ત્યારે શુકદેવજીને તો અહીં કોણ આવી ને બિરાજ્યું તેનું કાંઈ ભાન નથી.તેને સ્ત્રી-પુરુષનું કાંઈ ભાન નથી. તેઓ દૂર ખસતા નથી. સુનયનારાણીએ નિર્ણય આપ્યો કે આ બંનેમાં શ્રેષ્ઠ શુકદેવજી છે. સ્ત્રી અને પુરુષત્વનું ભાન ભૂલાય ત્યારે સિદ્ધ થયું એમ માનવું.

### એક ઇન્ટરવ્યુ દરમિયાન, પંજાબી ગાયક જસબીર જસ્સી દિલજીતના સમર્થનમાં આગળ આવ્યા

## દિલજીત દોસાંઝના સમર્થનમાં જાણીતા સિંગર જસબીર જસ્સીની વિવાદિત ટિપ્પણી



દિલજીત દોસાંઝને આજકાલ પાકિસ્તાની એક્ટ્રેસ હાનિયા આમિર સાથે તેની આગામી ફિલ્મ 'સરદારજી ૩' માં કામ કરવા બદલ ઘણી ટીકાઓનો સામનો કરવો પડી રહ્યો છે. સિંગર મીકા સિંહ અને બી પ્રાકે પણ દિલજીતની ઘણી ટીકા કરી હતી. પરંતુ પંજાબી ગાયક જસબીર જસ્સી હવે દિલજીતના સમર્થનમાં આગળ આવ્યા છે અને લોકોના બેવડા ધોરણોની ટીકા કરી છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન, પંજાબી ગાયક જસબીર જસ્સી દિલજીતના સમર્થનમાં આગળ આવ્યા. તેમણે કહ્યું કે, 'હું જોઈ રહ્યો છું કે દિલજીત દોસાંઝ અને તેની ફિલ્મ સોશિયલ મીડિયા પર વિરોધનો સામનો કરી રહી છે કારણ કે તે ફિલ્મમાં એક પાકિસ્તાની કલાકાર છે. હું લોકોની લાગણીઓનું સન્માન કરું છું કે આપણે આપણા દેશને પ્રેમ કરવો જોઈએ - આપણે આપણા દેશ



સાથે ઊભા રહેવું જોઈએ. પણ આ બેવડા ધોરણો શા માટે? તમે નથી ઈચ્છતા કે કોઈ પાકિસ્તાની કલાકાર ભારતીય ફિલ્મમાં ગીતો ગાય, અભિનય કરે કે કામ કરે અને તમે તેમના પર પ્રતિબંધ મૂકવા માંગો છો. પરંતુ આપણા ઉદ્યોગના ૮૦% ગીતો ચોરેલા છે, પછી ભલે તે ધૂન હોય કે ગીતના શબ્દો હોય કે આખા ગીતો. આપણી ફિલ્મોમાં ઘણા બધા ગીતો એવા છે જે પાકિસ્તાનના કલાકારો દ્વારા ગવાયેલા છે... તો, આ બેવડા ધોરણો કેમ? જસબીર જસ્સીએ આગળ કહ્યું, 'કાં તો યુટ્યુબ, સ્પોટિફાઈ અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મ પરથી બધા ગીતો દૂર કરો. પરંતુ એવું નથી કે તમે કોઈ એક કલાકારને લઈને તેની સામે વિરોધ પ્રદર્શન શરૂ કરી દો. આ એવું છે કે, જાણે કોઈ તમારા ઘરે જમવા આવે અને પછી તમે તેને દુશ્મન કહી દો. પરંતુ, તમે તેની સાથે લાવેલી વસ્તુ અને મીઠાઈ ખાઈ લો છો. જો તમે પાકિસ્તાની કલાકારો પર પ્રતિબંધ મૂકવા ઈચ્છો છો, તો તેમના પર સંપૂર્ણ રીતે પ્રતિબંધ મૂકી દો. દુનિયામાં હાજર તમામ કોન્ટેન્ટને દૂર કરી દો.' હાલમાં, દિલજીતની ફિલ્મ 'સરદાર જી ૩'ની આખી ટીમ ફિલ્મમાં હાનિયા આમિરનો સમાવેશ કરવાને કારણે ભારે ટીકાનો સામનો કરી રહી છે. જોકે, દિલજીત દોસાંઝ અને નીરુ બાજવા અભિનિત આ ફિલ્મ ભારતમાં રિલીઝ નથી થઈ રહી. તે ૨૭ જૂને વિદેશમાં રિલીઝ થશે. ૨૨ એપ્રિલે પહલગામમાં થયેલા આતંકી હુમલા અને પછી ૭ મેના રોજ ભારતના ઓપરેશન સિંદૂર પછી આ વિવાદ સામે આવ્યો છે, જેમાં પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા.

# વિદ્યા પણ રિતેશની સાથે 'રાજા શિવાજી'માં કામ કરશે



### આ ફિલ્મમાં ભારતીય ઇતિહાસના સૌથી વધુ બહાદુરીભર્યા પ્રકરણમાં કામ કરવા માટે વિદ્યા બાલન ઘણી ઉત્સુક



રિતેશ દેશમુખે આ વર્ષની શરૂઆતમાં જિઓ સ્ટુડિયો સાથે ભાગીદારીમાં પોતાનો ડ્રીમ પ્રોજેક્ટ 'રાજા શિવાજી' બનાવશે. આ ફિલ્મમાં રિતેશ દેશમુખ રાજાનો લીડ કરવા ઉપરાંત ફિલ્મ ડિરેક્ટ પણ કરશે. તેણે આ મરાઠી ફિલ્મ માટે સમગ્ર દેશમાંથી ઉત્તમ કલાકારો લીધા છે. આ ફિલ્મમાં સંજય દત્ત, અભિષેક બચ્ચન, મહેશ માંજરેકર, સચિન ખેડેકર, ભાગ્યશ્રી, ફરદીન ખાન, જિતેન્દ્ર જોશી, અમોલ ગુપ્તે અને જેનિલિયા જેવી મોટી કાસ્ટ તો હતી જ. હવે એવા અહેવાલ છે કે આ ફિલ્મની કાસ્ટ વધુ મોટી થઈ છે, તેમાં રિતેશ સાથે વિદ્યા બાલન પણ જોડાઈ છે. તે આ ફિલ્માં મહત્વનો રોલ કરશે. આ અંગે સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, ''આ ફિલ્મમાં ભારતીય ઈતિહાસના સૌથી વધુ બહાદુરી ભર્યા પ્રકરણમાં કામ કરવા માટે વિદ્યા બાલન ઘણી ઉત્સુક છે. આ ફિલ્મમાં કામ કરવા માટે વિદ્યાએ તરત જ હા પાડી દીધી હતી, વિદ્યા જેવી કલાકારને ડિરેક્ટ કરવા માટે રિતેશ પણ ઉત્સાહીત છે.''સુત્રએ આગળ એવું પણ જણાવ્યું કે વિદ્યાએ આ ફિલ્મ માટે લૂક ટેસ્ટ પણ કરી લીધો છે અને જલ્દી જ સેટ પર શૂટ માટે પહોંચશે. સુત્રએ જણાવ્યું, ''આ રોલ ઘણો મહત્વનો છે તેમાં કોઈ મજબુત કલાકાર જ જોઈએ. આ રોલ માટે વિદ્યાને મળવાનું રિતેશના મનમાં પણ નહોતું. આ ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ ચૂક્યું છે અને પુર જોશમાં ટીમ કામ કરી રહી છે, જેથી મહારાષ્ટ્ર સ્થાપના દિવસ નિમિત્તે ૧ મે, ૨૦૨૬માં ફિલ્મ રિલીઝ થઈ શકે.''મહત્વની વાત એ છે કે રાજા શિવાજી એવી બહુ ઓછી મરાઠી ફિલ્મમાંની એક છે, જે પૅન ઈન્ડિયા રિલીઝ થશે. સુત્રએ જણાવ્યું, ''છત્રપતિ શિવાજી મહારાજની વાત મહારાષ્ટ્રમાંથી જ કહેવાવી જોઈએ. આ માત્ર ફિલ્મ નથી, પરંતુ સમગ્ર ટીમ માટે આ એક લાગણી છે. તેથી તેઓ સૌથી ઈમાનદારી અને ગંભીરતાથી ફિલ્મ બનાવી રહ્યા છે.''

# મીના કુમારીની બાયોપિકમાં કિઆરા કિયારા અડવાણી લીડ રોલ કરી શકે

### આ ફિલ્મ માટે થોડાં વખત પહેલાં કિઆરાને વાર્તા સંભળાવાઈ હતી




હિન્દી ફિલ્મની દુનિયામાં સૌથી ટ્રેજેડી ક્વીન મીના કુમારીના જીવન પર ફિલ્મ બની રહી છે, ત્યારે કિઆરા અડવાણીનો આ રોલ માટે સંપર્ક કરાયો હોવાના અહેવાલો છે. કિઆરા હાલ તો બ્રેક પર છે પરંતુ જો તે હા કહે તો તેનાં બ્રેક પછી તે આ બાયોપિકમાં જોવા મળી શકે છે. આ ફિલ્મ માટે મીના કુમારીના પતિ કમાલ અમરોહીનો પણ સંપર્ક કરાયો છે અને ફિલ્મમાં તેમની મદદ પણ લેવાઈ છે.આ રોલ માટે ક્રિતિ સેનના રોલની પણ ચર્ચા હતી, કારણ કે સુત્રોનાં મતે આ વિષય ક્રિતિ માટે સૌથી ગમતા વિષયોમાંનો એક હતો.

**પ્રેગનેન્સીના બ્રેક પછી તે ટ્રેજેડી ક્વીન બની શકે છે**

પરંતુ હવે એવા અહેવાલો છે કે કિઆરા આ રોલ કરવાની તૈયારીમાં છે. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર કિઆરાનો આ રોલ માટે સંપર્ક કરાયો અને તેને આ ફિલ્મની સ્ક્રીપ્ટ પણ ગમી છે. આ ફિલ્મ માટે થોડાં વખત પહેલાં કિઆરાને વાર્તા સંભળાવાઈ હતી, જેમાં તેને ઘણો રસ પડ્યો હતો. પરંતુ એણે હજુ આ ફિલ્મ સાઈન કરીને તેને કાયદેસર રીતે કામ શરુ કરવાની હા પાડી નથી. પરંતુ ફિલ્મની ટીમને લાગે છે કે આ રોલ માટે કિઆરા તેના દેખાવ અને અભિનય ક્ષમતાના આધારે સૌથી વધુ યોગ્ય છે. મીના કુમારીનું બાળપણનું નામ મહજબીન બાનો હતું, જેઓ પાછળથી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતાં અભિનેત્રી બન્યાં. તેઓ સામાન્ય લોકોમાં જેટલાં લોકપ્રિય હતાં એટલાં જ તેમનાં વિવેચકો પણ વખાણ કરતાં હતાં. તેમણે વીસ વર્ષ લાંબી કારકિર્દીમાં ઘણાં દુઃખી અને પીડાદાયક પાત્રો કર્યા હોવાથી તેઓ ટ્રેજેડી ક્વીન તરીકે ઓળખાતાં થયાં હતાં. તેમણે 'બૈજુ બાવરા', 'પરિણીતા', 'સાહિબ બિવી ઔર ગુલામ', 'કાજલ', અને 'પાકિઝા' જેવી ફિલ્મમાં યાદગાર ભૂમિકાઓ નીભાવી હતી. ૩૮ વર્ષે તેમનું નિધન થયું એ પહેલાં તેમને બેસ્ટ એક્ટ્રેસ માટેનો ફિલ્મ ફેર એવોર્ડ પણ મળ્યો હતો. સિદ્ધાર્થ પી. મલ્હોત્રા દ્વારા મીના કુમારીની ફિલ્મ માટેના અધિકારો પરિવાર પાસેથી મેળવવામાં આવ્યાં છે. તેઓ સારેગામા અને અમરોહી પરિવાર સાથે મળીને આ ફિલ્મ બનાવશે. ખાસ વાત તો એ છે કે મીના કુમારીના પતિ અને ફિલ્મ મેકર કમાલ અમરોહી પણ આ ફિલ્મ સાથે જોડાયા છે. કિઆરા હાલ બ્રેક પર છે, આ શિયાળામાં તેને પહેલું બાળક આવશે.

### ૨૫ વર્ષમાં પહેલી વખત મારા વ્યક્તિત્વ પર સવાલ ઉઠ્યા છે : રામ કપૂર

## ફિલ્મ પ્રમોશનમાં દૂર રાખ્યા બાદ રામ કપૂરે કરી કબૂલાત



ટીવી અને ફિલ્મના જાણીતો કલાકાર રામ કપૂર આજકાલ તેના વેઈટ લોસ અને નવા લૂકને લઈને ઘણો ચર્ચામાં છે. હવે તેની એક સિરીઝ 'મિસ્ટ્રી' ઓટીટી પર આવવાની છે, ત્યારે તે એક નવા વિવાદમાં સપડાયો છે. તેને આ શોના પ્રમોશનથી દુર રહેવા માટે કહેવાયું છે. કારણ કે તેણે મુંબઈમાં ગયા અઠવાડિયે એક અયોગ્ય સેક્સ્યુઅલ નિવેદન કર્યું હતું. તેના કારણે જિઓ હોટસ્ટારની ટીમ દ્વારા તેના પર પગલાં લેવાયાં છે. ત્યારે હવે રામ કપૂરે આ અંગે પોતાનો મત મુક્યો છે. તેણે ભુલ કરી હોવાનું કબૂલ્યું અને સ્પષ્ટતા પણ કરી કે તેણે આવું નિવેદન કેમ કર્યું હતું.પોતે આવું નિવેદન કરીને ભુલી કરી હોવાનું કબુલીને રામ કપૂરે કહ્યું, ''પહેલાં હું કહેવા માગું છું કે જે કંઈ પણ કહેવાનો મારા પર આક્ષેપ છે, એ મેં કહ્યું છે. તો હકીકત એ છે કે હું એ ભુલનો ગુનેગાર છું. પરંતુ મારાબચાવમાં મારે આટલું જ કહેવું છે.''રામ કપૂરે આગળ કહ્યું, ''હું જે લોકો સાથે કમ્ફર્ટેબલ છું, એ લોકો સાથે હોઉં ત્યારે હું થોડો બિન્દાસ થઈ જતો હોઉં છું. જે લોકો મને ઓળખે છે અને જેણે મારી સાથે કામ કર્યું છે એ લોકો જાણે છે કે હું એવો જ છું અને એમાં કોઈને દુઃખી કરવાનો મારો કોઈ હેતુ હોતો નથી.''રામે એવું પણ કહ્યું કે તેને ખ્યાલ નહોતો કે તેના કોઈ નિવેદનથી આટલી હલચલ થઈ જશે, જો તેને પહેલાં જ ખબર હોત તો એ આવું બોલ્યો ન હોત. રામ કપૂર જે તરફ જોઈને વાત કરવાની હતી, ત્યાં સામે કોઈ છોકરી બેઠી હતી, તેના ડ્રેસ વિશે રામે નિવેદન કર્યું હતું. તેણે કહ્યું, ''મને જો લાગ્યું હોત કે એ અયોગ્ય છે, તો હું મીડિયાથી ભરેલા હોલમાં આવું નિવેદન કરેત જ નહીં. ૨૫ વર્ષમાં પહેલી વખત મારા વ્યક્તિત્વ પર સવાલ ઉઠ્યા છે, તેથી મારી સ્પષ્ટતા પર પણ ધ્યાન આપજો.''રામ કપૂરે જણાવ્યું કે તેના આ નિવેદનનો હેતુ નિર્દોષ હતો. તેની ટીમના લોકોએ રામના નિવેદનથી દુઃખી થયેલા લોકોને તેમની નિયત પર શંકા ન કરવા માટે પણ વિનંતી કરવામાં આવી હતી. રામે એવું પણ કહ્યું કે તે તેમના વિરોધ કરવાના નિર્ણયનું પણ તે સન્માન કરે છે અને તેમની માફી માગવા માટે કોઈ રસ્તો કાઢશે.

# શ્રીકાંત તિવારી 'ફેમિલી મેન-૩'માં નવા મિશન પર જશે

### આ સિઝનમાં પણ પ્રિયા મણી, શારિબ હાશ્મી, શ્રેયા ધનવંતરી, આશ્લેષા ઠાકુર, વિપિન શર્મા અને ગુલ પનાગ જેવા કલાકારો હશે

મનોજ બાજપાઈની લોકપ્રિય સિરીઝ 'ધ ફેમિલી મેન ૩'નું પોસ્ટર રિલીઝ થઈ ગયું છે. રાજ એન્ડ ડીકેની આ સિરીઝની આગળની બે સિઝન ઘણી લોકપ્રિય થઈ છે. તેમાં મનોજ બાજપાઈનો શ્રીકાંત તિવારી તરીકેનો રોલ ઘણો લોકપ્રિ થયો છે. ત્યારે હવે એમેઝોન પ્રાઈમ વીડિયો દ્વારા આ સિરીઝનાં ફર્સ્ટ લૂકનું પોસ્ટર શેર કરવામાં આવ્યું છે. જેના કારણે આ સિરીઝના દર્શકો ઉત્સાહમાં આવી ગયાં છે. તેઓ છેલ્લાં ઘણા સમયથી સિરીઝની રાહ જુએ છે. પ્રાઈમ વિડિયો દ્વારા શેર કરાયેલા પહેલા લૂકની કૅપ્શનમાં લખાયું, ''બધાની નજર અમારા ફેમિલીમેન પર છે. ધ ફેમિની મેનની નવી સિઝન બહુ જલ્દી આવી રહી છે.'' આ પોસ્ટરમાં મનોજ બાજપાઈ બુકાનીધારી અને બંદૂકધારી લોકો વચ્ચે ઘેરાયેલો છે. તે દર્શાવે છે કે આ વથતની સિઝન પણ પહેલાંની બંને સિઝન જેટલી જ થ્રિલિંગ હશે.માત્ર દર્શકો નહીં પણ આ પોસ્ટ પર સમંથા, સિરીઝમાં મનોજ બાજપાઈ સાથે જોવા મળતો શારી હાશ્મી અને શ્રેયા ધનવંતરી સહીતના કલાકારોએ પણ આ અંગે ઉત્સાહ દર્શાવ્યો હતો. આ સિરીઝની બીજી સિઝનમાં સમંથા




મુખ્ય વિલન બની હતી. તેણે પણ પોતાના ઈન્સ્ટાગ્રામ પર આ પોસ્ટર શેર કર્યું હતું. જોકે, હજુ આ સિઝનની રિલીઝ ડેટ જાહેર થઈ નથી, પરંતુ છેલ્લાં કેટલાક સમયથી દિવાળી ૨૦૨૫ આસપાસ આ સિઝન આવશે એવી ચર્ચા છે. આ સિરીઝના ચાહકો માટે વધુ એક આનંદની વાત એ છે કે આ સિઝનમાં મજબુત કલાકારો સાથે જયદીપ આહલાવત પણ જોડાયો છે, તેના કારણે પણ આ સિઝન માટે વધારે ઉત્સુકતા છે. જોકે, તેના આ સિઝનમાં કોઈ રોલ વિશે પણ ઓફિશિયલી હજુ કોઈ જાહેરાત થઈ નથી. એ સિવાયની કાસ્ટની વાત કરવામાં આવે તો આ સિઝનમાં પણ પ્રિયા મણી, શારિબ હાશ્મી, શ્રેયા ધનવંતરી, આશ્લેષા ઠાકુર, વિપિન શર્મા, દલિપ તાહિલ, સીમા બિસ્વાસ અને ગુલ પનાગ જેવા કલાકારો હશે.એવી પણ શક્યતા છે કે આ સિઝનમાં રાજ અને ડીકેની અન્ય એક લોકપ્રિય સિરીઝ 'ફર્ઝી'નું ક્રોસ ઓવર જોવા મળશે, કારણ કે બંને સિરીઝ એક જ યુનિવર્સની માનવામાં આવે છે. આ ઉપરાંત 'ફર્ઝી'માં પણ શ્રીકાંત તિવારી એટલે કે મનોજ બાજપાઈનો એક કેમિયો હતો. આ સિરીઝમાં શાહિદ કપૂર અને વિજય સેતુપતિ લીડ રોલમાં હતા. 'ફેમિલી મેન ૩'નું કામ પૂરું થશે એવું તરત રાજ અને ડીકે 'ફર્ઝી'ની બીજી સિઝનનું કામ શરૂ કરવાના હોવાની પણ ચર્ચા છે.



### આ ઇવેન્ટમાં કાજોલે તેના દિકરા યુગ સાથે એન્ટ્રી કરી હતી

# કાજોલની માઇથોલોજિકલ અને હોરર 'મા'ના પ્રીમિયરમાં ઉમટ્યું બોલિવૂડ

કાજોલ પહેલી વખત એક માઈથોલોજિકલ અને હોરર ફિલ્મમાં કામ કરી રહી છે. ત્યારે આ ફિલ્મ શુક્રવારે રિલીઝ થાય તે પહેલાં બુધવારે મુંબઈમાં તેનું પ્રીમિયર યોજાયું હતું. પહેલી વખત આ ઈવેન્ટમાં કાજોલે તેના દિકરા યુગ સાથે એન્ટ્રી કરી હતી. જિયો સ્ટુડિયોઝ અને દેવગન ફિલ્મ દ્વારા આ ફિલ્મ પ્રોડ્યુસ કરવામાં આવી છે. આ ઈવેન્ટમાં અજય દેવગન સાથે ધનુષ, નુશરત ભરુચા, આનંદ એલ.રાય, સોનુ નિગમ, જેકી ભગનાની અને રકુલપ્રીત સિંહ, રોહિત શેટ્ટી, જાણીતા કલાકાર સંજય મિશ્રા અને તેમનો પરિવાર, રોનિત રોય અને તેનો પરિવાર, અજય દેવગનનો ભત્રીજો અને આઝાદ ફિલ્મનો હિરો અમન દેવગન, કાજોલની માતા તનુજા, તેની બહેન તનીષા મુખર્જી પણ આ ઈવેન્ટમાં હાડર રહ્યા હતા. કાજોલની આ ફિલ્મમાં રોનિત રોય, ઈન્દ્રનિલ સેનગુપ્તા, જિતિન ગુલાટી અને ખેરીન શર્મા સહિતના કલાકારો છે, કાજોલની આ ફિલ્મમાં રોનિત રોય, ઈન્દ્રનિલ સેનગુપ્તા, જિતિન ગુલાટી, ગોપાલ સિંઘ, સુર્યશિખા દાસ, યાની ભારદ્વાજ, રુપકથા ચક્રબોર્તી અને ખેરીન




શર્મા સહિતના કલાકારો છે. આ ફિલ્મ વિશાલ ફુરિયા દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે, જેમણે પહેલાં લપાછપિ અને છોરી ૧-૨ જેવી ફિલ્મ ડિરેક્ટ કરી છે. આ પહેલાં અજય દેવગન અને આર.માધવને સુપર નેચરલ હોર ફિલ્મ શૈતાન બનાવી હતી અને તેઓ આ ફિલ્મની સિક્વલ પણ બનાવવાના છે. તેનું કામ ૨૦૨૬માં શરૂ થશે, આ પહેલાં આ ફિલ્મનું કાજોલની મા માં પણ ક્રોસઓવર થવાની શક્યતા છે.

# 'અનુપમા'ના 'વનરાજ' સાથે પણ થયો હતો કાસ્ટિંગ કાઉચનો પ્રયાસ

### સુધાંશુએ લોકપ્રિય સીરિયલ અનુપમા માં વનરાજ શાહ નામનું મજબૂત પાત્ર ભજવીને લોકોના દિલમાં સ્થાન મેળવ્યું

સુધાંશુ પાંડેએ લોકપ્રિય સીરિયલ અનુપમામાં વનરાજ શાહ નામનું મજબૂત પાત્ર ભજવીને લોકોના દિલમાં સ્થાન મેળવ્યું છે. આ સીરિયલમાં તેમનું પાત્ર નેગેટીવ હોવા છતાં, દર્શકોને તેનું કામ ખૂબ ગમ્યું હતું. હવે અભિનેતાએ એક ઈન્ટરવ્યૂમાં પોતાની સાથે થયેલા કાસ્ટિંગ કાઉચ અંગે વાત કરી છે. ફિલ્મો, ટીવી અને મ્યુઝિક વીડિયોના અનુભવી અભિનેતા રહી ચૂકેલા સુધાંશુએ ખુલાસો કર્યો કે, 'મેં પણ બોલિવૂડમાં કાસ્ટિંગ કાઉચનો સામનો કર્યો છે. મને એક ખૂબ જ પ્રખ્યાત ફિલ્મ નિર્માતા દ્વારા કામના બદલામાં જાતીય સંબંધો બાંધવાની ઓફર કરવામાં આવી હતી, જે હવે આ દુનિયામાં નથી રહ્યા. ભગવાન તેની આત્માને શાંતિ આપે, પણ તે મને આ સમાધાનના બદલામાં ફિલ્મમાં રોલ ઓફર કરી રહ્યા હતા.'આ અંગે વાત કરતા અભિનેતાએ આગળ કહ્યું કે, 'મને તેના પ્રત્યે કોઈ કડવાશ નથી, મને લાગ્યું કે તેણે મારી સામે એક પ્રસ્તાવ મુક્યો હતો - તે કરવું કે નહીં, તે મારા પર નિર્ભર છે. હું ક્યારેય કોઈના અહંકારને સંતોષવા માટે અહીં નથી આવ્યો, આવી ઓફર માટે હું તૈયાર નથી એવું કહીને આ હું સરળતાથી ઠુકરાવી શકું છું. પરતું જો કોઈ મારી સાથે ખરાબ વર્તન કરે છે તો હું તેને થપ્પડ પણ મારી શકું છું. કારણકે જો કોઈ મને દબાણ કરે છે તો અમને ગુસ્સો આવે છે. સુધાંશુ પાંડેએ લોકપ્રિય સીરિયલ અનુપમા માં વનરાજ શાહ નામનું મજબૂત પાત્ર ભજવીને લોકોના દિલમાં સ્થાન મેળવ્યું છે, દરેક માણસ માટે આ સામાન્ય છે. તમારે ફક્ત એ જોવાનું છે કે શું સાચું છે અને તેનો સાથ આપવો જોઈએ.'



# નવી વસાહત વર્ગ બાજરવાડા પ્રાથમિક શાળા ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

## વર્ગ બાજરવાડા પ્રાથમિક શાળામાં બાલવાટિકામાં ૧૧ અને ધોરણ ૧ માં ૨૬ બાળકોને ગુજરાત માનવ અધિકાર આયોગના ઉપ સચિવશ્રીએ કરાવ્યો પ્રવેશ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૭ ।

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના બાજરવાડા વર્ગ નવી વસાહત પ્રાથમિક શાળા ખાતે ગુજરાત માનવ અધિકાર આયોગના ઉપ સચિવશ્રી મેહુલભાઈ મછારનું પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યુંહતું. ત્યાર બાદ દીપ પ્રાગટ્ય કરી પ્રવેશોત્સવ કાર્યક્રમની શરૂઆત કરી હતી.

ગુજરાત માનવ અધિકાર આયોગના ઉપ સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાલવાટિકામાં ૧૧ અને ધોરણ ૧ માં ૨૬ પ્રવેશપાત્ર બાળકોને સ્કુલ બેગ, નોટ પેન અને રમત ગમતની કીટ આપી પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

ગત વર્ષે વાર્ષિક પરીક્ષામાં ધોરણ ૩ થી ૮ માં ૧ થી ૩ નંબર મેળવનાર વિદ્યાર્થીઓનું પ્રોત્સાહન સ્વરૂપે ઈનામ આપી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ શૈક્ષણિક કાર્યક્ષેત્રમાં પ્રગતિ કરનારનું તથા ઝઈ પરીક્ષા પાસ કરેલ બાળકોને પણ ઈનામ આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમિયાન મુખ્ય મહેમાન ગુજરાત માનવ અધિકાર આયોગના ઉપ સચિવશ્રીએ વાલીઓ અને બાળકોને સંબોધન કરતા કરતા તેમણે પોતાના જીવનના અનુભવો, વિદ્યાર્થી જીવનની મુશ્કેલીઓ અને માનવ અધિકાર આયોગના કાર્યો અને તેની ફરજો વિશે લોકોને અને વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. સાથે જ વિદ્યાર્થીઓના ભણતરને લઈને ઉભા થતા પ્રશ્નો અંગે તેઓએ કહ્યું હતું કે, દરેક માતા પિતાની ફરજ છે કે પોતાના બાળકને સ્કૂલેથી આવ્યા બાદ તેમને ઘરે વાંચન-લેખન કરાવે અને સમયસર દરરોજ શાળાએ મોકલવા અને સમયાંતરે બાળકની જે સ્કૂલ હોય એ સ્કૂલની મુલાકાત કરી પોતાના બાળક વિશે અભિપ્રાયો શિક્ષક પાસેથી મેળવવા અને સતત બાળકને શિક્ષણ પ્રત્યે પ્રેરિત રાખી આગળના વર્ગમાં પ્રવેશ કરે તે અંગે સતત પ્રયત્નશીલ રહેવા જણાવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન એક પેડ માં કે નામ સુત્રને સાર્થક કરવા માટે શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રવેશોત્સવ કાર્યક્રમમાં લાયઝન અધિકારીશ્રી, શાળાના આચાયશ્રી, શિક્ષકો, ગામના સરપંચશ્રી, એસએમસીના સભ્યો, ગામના વડીલો, યુવાનો, આંગણવાડી બહેનો સહિત બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

# દેવગઢ બારીઆ નગરમા પ્રવેશતા ભેદરવજા મા રસ્તા પર પડ્યા ખાડા...


તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૭ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ શહેર ના પ્રવેશદ્વાર મા પ્રવેશતા ભેં દરવાજા રસ્તા માં પડ્યા મોટા ખાડા જેના કારણે વાહન ચાલકો અને રાહદારીઓ અને આસપાસ ના રહેવાસીઓ ને મુશ્કેલીઓ નો સામનો કરવો પડે છે હાલ ચોમાસા ની ઋતુ હોવા થી વરસાદ પડવા કારણે રસ્તા માં પાણી ના કારણે રસ્તા ધોવાઈ ગયેલા છે જેના કારણે અવર જવર કરતા વાહનો તથા રાહદારી ને જાનહાનિ નો સામનો કરવો પડે છે તથા તસવીર માં જોઈ પણ શકાય છે રોડ ની હાલત જેમાં મોટા ખાડા પડવા ના કારણે અકસ્માત સર્જાય છે અને આ સમસ્યા વારંવાર ની છે છતાં સરકારી તંત્ર દ્વારા આ રસ્તા નું કાયમી નિરાકરણ લાવવા માટે કેમ આ સમર્થ છે તે કઈ સમજાતું નથી આ બાબત મા સરકારી તંત્ર કુંભકર્ણ ની નિંદ્રા માં હોય તે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે હજી તો ચોમાસા ની શરૂઆત છે આગળ ના દિવસો માં શું થશે તે તો ભગવાન જાણે હવે જોવા નું રહ્યું પ્રજા દ્વારા વારંવાર લેખિત મૌખિક રજૂઆતો કરવા છતાં પણ સરકારી તંત્ર જાણે કેમ આ રસ્તા નું કાયમી નિકાલ લાવતા નથી આ રસ્તા પર થી રોજ ના હજારો ની સંખ્યા મા મોટા તથા રેતી ના ઓવરલોડ ડમ્પર તથા નાના મોટા વાહનો અવર જવર કરે છે તથા બાયપાસ રોડ ના હોવા ના કારણે નગર મા પણ વારંવાર અકસ્માતો સર્જાય છે જેના કારણે મુશ્કેલી અને નુકશાન સામનો કરવો પડે છે સરકારી તંત્ર આ બાબત મા પ્રજા નું શું થશે તે આવનારા દિવસો માં જ ખબર પડે....

# ૨૮ જૂન ૨૦૨૫ની અમદાવાદ-હાવડા એક્સપ્રેસ રિશેડ્યુલ રહશે

। અમદાવાદ, તા.૨૭ ।

દક્ષિણ પૂર્વ મધ્ય રેલવેના રાયપુર ડિવિઝન પર દધાપરા-બિલાસપુર સેક્શનમાં ગર્ડર લોન્ચિંગ માટે બ્લોક લેવામાં આવી રહ્યો છે. જેના કારણે અમદાવાદ-હાવડા એક્સપ્રેસ રીશેડ્યૂલ થશે. જે નીચે મુજબ છે:

● ૨૮ જૂન ૨૦૨૫ની અમદાવાદ-હાવડા એક્સપ્રેસ અમદાવાદથી નિર્ધારિત પ્રસ્થાન સમય ૦૦:૨૫ કલાકના ને બદલે ૦૩:૩૦ કલાકના વિલંબથી ૦૩.૫૫ કલાકે ઉપડશે.

ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને માળખા સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# 30 જૂન ૨૦૨૫ની અસારવા-ચિત્તોડગઢ-અસારવા મેમુ રદ

। અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદ ડિવિઝનના હિંમતનગર રેલ્વે સ્ટેશન પર હિંમતનગર-ખેડબ્રહ્મા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ હેઠળ નોન-ઈન્ટરલોકિંગ કાર્ય માટે પ્રસ્તાવિત બ્લોકને કારણે અસારવા-ચિત્તોડગઢ-અસારવા મેમુ રદ રહેશે. જે નીચે મુજબ છે:

● ૩૦ જૂન ૨૦૨૫ની ટ્રેન નંબર ૬૯૨૪૩/૬૯૨૪૪ અસારવા-ચિત્તોડગઢ-અસારવા મેમુ રદ રહેશે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને માળખા સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# ઝાલોદ નંદનવન કોમ્પ્લેક્ષના ગેરકાયદેસર બાંધકામને શીલ મારતી નગરપાલિકા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૭ ।

ઝાલોદ બસ સ્ટેશન થી દાહોદ જતા રોડ પર સુંદરમ હોસ્પિટલની પાસે આવેલ નંદનવન કોમ્પ્લેક્ષના ગેરકાયદેસર બાંધકામને નગર પાલિકા દ્વારા શીલ મારવામાં આવેલ છે. આ અગાઉ અંદાજીત તારીખ ૦૯-૦૫-૨૦૨૫ ના રોજ નગરપાલિકા દ્વારા આ મિલકતને શીલ મારેલ હતું અને બાદમાં મિલ્કતના માલિક દ્વારા ઈમ્પેક્ટ ફી ભરવામાં આવતા આ મિલકતનુ શીલ ખોલી દેવામાં આવેલ હતું.

ઝાલોદ નગર પાલિકાના વોર્ડ નંબર ૫ ના ભાજપના ઉમેદવાર કેતન પટેલ દ્વારા નંદનવન કોમ્પ્લેક્ષના બાંધકામને નકશા વિરુદ્ધ ગેરકાયદેસર કરેલ હોવાની રજૂઆતો દાહોદ જિલ્લા કલેક્ટર, આર.સી.એમ તેમજ મુખ્યમંત્રીને લેખિત રીતે કરેલ હતી અને આ ગેરકાયદેસર બાંધકામ જો દૂર કરવામાં નહીં આવે તો આત્મ વિલોપનની ચીમકી ઉચ્ચારેલ હતી. કેતન પટેલના કહેવા મુજબ આ બસ સ્ટેશન થી દાહોદ જતો રોડ ટ્રાફિક થી ધમધમતો છે અને અહીંથી અનેક વાહનો તેમજ સ્કૂલ જતા વિદ્યાર્થીઓ તેમજ રાહદારીઓની અવરજવર વધુ રહે છે. આ ગેરકાયદેસર કરેલ બાંધકામમા સાંભળવા મળેલ સૂત્રો મુજબ એસ.બી.આઈ ની મુખ્ય બ્રાંચ આવવાની છે અને જો આ બ્રાંચ અહીં આવે તો પાર્કિંગની વ્યવસ્થા ન હોવાથી આ વિસ્તારમાં ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાશે તેને લઈ આ બાંધકામને લઈ અનેક વિવાદો ઉભા થયેલ છે.

આ બિલ્ડિંગ બનાવનાર રાજ કન્સ્ટ્રક્શન દ્વારા લેખિત રીતે એવું જણાવેલ છે નગર નિયોજનનો મંજૂર થયેલ નકશો નંદનવન કોમ્પ્લેક્ષના માલિક દ્વારા અમને અમલગમેશનની ફાઈલ વખતે આપેલ ન હતો અને તેઓને અંધારામાં રાખેલ હતો. ઝાલોદ નગરપાલિકા પ્રમુખ રેખાબેન ટપુભાઈ વસૈયા દ્વારા આ કોમ્પ્લેક્ષના બાંધકામને નિયમ વિરુદ્ધ હોવાનું જણાવ્યું હતુ તેમજ આ અંગે નગરપાલિકા પ્રમુખ દ્વારા ચીફ ઓફિસર, મુખ્ય ઈજનેર નગર પાલિકાને લેખિતમાં ૧૬-૦૬-૨૦૨૫ ના રોજ આ બાંધકામ અંગે રિપોર્ટ માંગ્યો હતો. આ બાંધકામને લઈ નગરમાં રોજેરોજ નવી નવી વાતોએ વેગ પકડેલ છે. હાલ નગરપાલિકા પ્રમુખ રેખાબેન ટપુભાઈ વસૈયા દ્વારા ૨૬-૦૬-૨૦૨૬ ના રોજ નંદનવનના બાંધકામ સ્થળે નોટિસ ચોંટાડી ત્યાં બાંધકામ કરેલ દુકાનોમાં શીલ મારેલ છે.

## ટપુભાઈ વસૈયાના પરવારજનો દ્વારા પહિંદ વિધિ કરાવવામા આવી

# ઝાલોદ નગરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા આન બાન શાન થી નીકળી : ઠેર ઠેર ભક્તો દ્વારા રથયાત્રાનુ સ્વાગત કરાયું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૭ ।

ઝાલોદ નગરમાં ભગવાન જગન્નાથજીની આઠમી રથયાત્રા નિમિતે નગરજનો ખૂબ જ ઉત્સાહિત જોવા મળતા હતા આજે વહેલી સવારે સાત વાગે રાધા-કૃષ્ણ મંદિર મીઠાચોક (મોસાળ) માંથી રણછોડરાય મંદિરે ઢોલ નગારા સાથે વાજતે ગાજતે લઈ જવામાં આવી હતી. મીઠાચોક રાધેકૃષ્ણ મંદિર ખાતે સોળ દિવસ દરમિયાન રોજ ભજન કીર્તન કરી ભગવાન જગન્નાથજીની સેવા પૂજા કરવામાં આવી હતી. દરરોજ મોટા પ્રમાણમાં રાધેકૃષ્ણ મંદિર ખાતે મોટા પ્રમાણમાં લોકો ભજન કીર્તન અને ભગવાનની સેવા પૂજાનો લાભ લીધો હતો.

રણછોડરાય મંદિર ખાતે ભગવાન જગન્નાથજીની પૂજા અર્ચના અને આરતીના યજમાન રાજ પીઠાયા, રાહુલ પ્રજાપતિ, કરણ પંચાલ, ઉરેશ પરીખ દ્વારા કરવામાં આવી હતી. ભગવાન જગન્નાથ મનમોહન શૃંગાર કરી ભગવાન કૃષ્ણ, ભાઈ બલરામ તેમજ બહેન સુભદ્રાને રથમાં બેસાડવામાં આવ્યા હતા. ભગવાનનો રથ ખૂબ જ સુંદર અને અલૌકિક લાગતો હતો. રથમા બેસાડી રથયાત્રા નગરમાં પ્રસ્થાન કરે તે પૂર્વે ટપુ વસૈયા તેમજ તેમના પરિવાર દ્વારા ચાંદીની સાવરણી થી પહીંદવિધિ કરવામાં આવી હતી. દર વર્ષે ભગવાનના મંદિરે ભક્તો દર્શન કરવા જતા હોય છે આજે ભગવાન જગન્નાથ જાતે નગર ભ્રમણ કરવા નીકળેલ છે. ભગવાન જગન્નાથના નગર ભ્રમણના લ્હાવાને દરેક ભક્તો આંખોમાં વસાવી લેવા ઈચ્છુક હોય છે. ભગવાન કૃષ્ણ, ભાઈ બલરામ તેમજ બહેન સુભદ્રાના રથ ને દોરડા થી હાંકવા માટે શ્રદ્ધાળુઓમા પડાપડી થતી જોવા મળતી હતી.

નગરના વિવિધ રૂટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે રથયાત્રાનો ફરી હતી દરેક રૂટ પર ભગવાન જગન્નાથના દર્શન કરી આશીર્વાદ મેળવવા મોટા પ્રમાણમાં ભક્તો ઉમટી પડેલ હતી. ઈન્દોર થી આવેલ ભગવાનના સ્વરૂપ દર્શાવતી ઝાંખી એ નગરમાં વિશેષ આકર્ષણ જમાવ્યું હતું તેમજ ઝાંખીના અલૌકિક પ્રદર્શનને જોઈ નગરના ભક્તોએ સાક્ષાત ભગવાનના સ્વરૂપના દર્શન કર્યા હોય તેમ લાગતું હતું. નગરના વિવિધ રૂટ પર વાજતે ગાજતે જય જગન્નાથના નાદ સાથે ગગન ગુંજાવી ભક્તિ ભર્યા વાતાવરણ વચ્ચે રથયાત્રા નગરમાં ફરી હતી.

નગરના વિવિધ રૂટ પર ફરી રથયાત્રા ગીતા મંદિરે આવતા ત્યાં કિશોરભાઈ વસૈયાના પરિવાર દ્વારા ગીતા મંદિરમાં ભગવાન જગન્નાથજીની પૂજા અર્ચના કરી મામેરુ ભર્યું હતું. દાહોદ જિલ્લાના પૂર્વ પ્રમુખ શીતલબેન વાઘેલા તેમજ તેમના પરિવાર અને મિત્રો દ્વારા રામદ્વારા મંદિરે થી ગીતો ગાતા જઈ ભગવાનના નવા વસ્ત્રો થાળીમાં સજાવી વાજતે ગાજતે લઈ જવામાં આવ્યા હતા. ભગવાનના મામેરા પ્રસંગે ગીતા મંદિર ખાતે રામ ભક્ત મિત્ર મંડળ દ્વારા મહાપ્રસાદનુ આયોજન કરવામાં આવેલ હતું મોટા પ્રમાણમાં મહાપ્રસાદનો લાભ ભક્તોએ લીધો હતો.

નગરમાં રથયાત્રા મુવાડા રણછોડરાય મંદિર થી ભીલ રાજા વસૈયા ચોક, સરદાર પટેલ ચોક, આંબેડકર ચોક, ડબગર વાસ, ગીતા મંદિર, સ્વર્ણિમ સર્કલ, કોળીવાડા,મીઠાચોક, લાલજી મંદિર, રામસાગર તળાવ, સોમનાથ મંદિર, લુહારવાડા, શહીદ રાજેશ ચોક, ભરત ટાવર, થી વિશ્વકર્મા મંદિરે યાત્રા પૂર્ણ થયેલ હતી. રથયાત્રાનુ સમાપન આરતી કરી કરવામાં આવ્યું હતું છેલ્લે મહાપ્રસાદનો લાભ લઈ જય જગન્નાથ કહી યાદગાર ક્ષણ આંખોમાં વસાવી લોકો છૂટા પડ્યા હતા.

ઝાલોદ પોલીસના ડી.વાય. એસ.પી ડી.આર.પટેલના માર્ગદર્શન હેઠળ પી.આઈ એચ. સી.રાઠવા, પી.એસ.આઈ સિસોદિયા, પી.એસ.આઈ રાઠોડ તેમજ પોલિસ સ્ટાફ દ્વારા નગરમાં શાંતિ જળવાઈ રહે તે માટે દિવસભર નગરમાં પોલિસ વાન ફરી હતી તેમજ રથયાત્રા દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત જાળવતા પોલીસની સરાહનીય કામગીરી જોવા મળી હતી.નગરપાલિકા દ્વારા પણ રથયાત્રા પૂર્વે રોડ રસ્તાનુ પેચવર્ક કરી સરાહનીય કામગીરી કરી હતી.

# થરા શેઠ શ્રી સી. એમ. શાહ કન્યા વિદ્યાલય ખાતે કન્યા કેળવણી અને પ્રવેશ ઉત્સવ યોજાયો

। (પ્રતિનિધી) થરા, તા.૨૭ ।

કાંકરેજ તાલુકા કેળવણી મંડળ થરા સંચાલિત શેઠ શ્રી સી. એમ. શાહ કન્યા વિદ્યાલય ખાતે કન્યા કેળવણી અને પ્રવેશ ઉત્સવ ઉજવાયો હતો.આ કાર્યક્રમ કાંકરેજ તાલુકા કેળવણી મંડળના પ્રમુખ ધીરજભાઈ શાહની અધ્યક્ષતામાં અને નગર પાલિકા થરાના ચીફ ઓફિસર બાબુભાઈ જોશી, ગીરાબેન શાહ, અલ્પેશ શેઠની વિશિષ્ટ ઉપસ્થિતિમાં આયોજન પામ્યો હતો. ઉત્સવ અંતર્ગત દીકરીઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. સાથે સાથે વાલીઓ માટે શાળાની શૈક્ષણિક પ્રગતિ દર્શાવતીપ્રદર્શનગેલેરીપણખુલ્લીરાખવામાંઆવી હતી. પ્રવેશ પ્રક્રિયાની દ્રષ્ટિએ શાળામાં આ વર્ષે નોંધપાત્ર પ્રતિસાદ મળ્યો છે: ધોરણ ૯માં ૧૯૩ વિદ્યાર્થીનીઓ અને ધોરણ.૧૧માં ૧૦૫ વિદ્યાર્થીનીઓએ પ્રવેશ લીધો છે આમ, હાલ ૫૦૦થી વધુ દીકરીઓ શાળામાં અભ્યાસ કરી રહી છે. શાળાના આચાર્યા ગીરાબેન અખાણી તથા શિક્ષકસ્ટાફના સહયોગથી કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો. વાલીઓ અને સ્થાનિક આગેવાનો પણ ઉત્સાહભેર હાજરી આપી દીકરીઓના શિક્ષણ માટેની પ્રતિબદ્ધતાને બળ આપ્યું હતુ.


તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

# ઈશ્વરિયા ગામમાં અષાઢી બીજનાં શુકનવંતા પર્વે બાળકોનો શાળા પ્રવેશોત્સવ યોજાયો

। ભાવનગર, તા.૨૭ ।

ઈશ્વરિયા ગામમાં અષાઢી બીજનાં શુકનવંતા પર્વે બાળકોએ શાળા પ્રવેશ મેળવ્યો હતો. અધિકારીશ્રીઓ અને અગ્રણીશ્રીઓની ઉપસ્થિતિમાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો હતો.

સરકારશ્રી દ્વારા રાજ્યમાં કેળવણી હેતુ થતાં આયોજનો અંતર્ગત શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું આયોજન સિહોર તાલુકાનાં ઈશ્વરિયા ગામે થયું હતું, જેમાં અધિકારીઓ અને અગ્રણીઓ સાથે આંગણવાડી, પ્રાથમિક શાળા અને સરકારી માધ્યમિક શાળા પરિવાર જોડાયો હતો.

સિહોર તાલુકા સંકલિત બાળવિકાસ યોજના કચેરીનાં ફરજ પરનાં અધિકારી શ્રી હેમાબેન દવેએ બાળકો માટે વાલીઓએ સજાગ બની આંગણવાડી અને શાળા સાથે સંપર્ક વધારવા ભાર મૂક્યો હતો. સંકલન અધિકારી રહેલાં શ્રી મહેશદાન ગઢવી અને વન વિભાગનાં વનરક્ષક શ્રી પાયલબેન પંડ્યા સાથે મહેમાનો દ્વારા બાળકોને પ્રવેશ આવકાર આપવામાં આવેલ હતો. શ્રી લક્ષ્મણભાઈ ગોળકિયાનું અભિવાદન કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર દ્વારા સુંદર સંચાલન આયોજન સાથે સાંસ્કૃતિક અને વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. માધ્યમિક શાળા આચાર્ય શ્રી ચિંતનભાઈ ત્રિવેદી તથા પ્રાથમિક શાળા ફરજ પરનાં આચાર્ય શ્રી કિશોરભાઈ પટેલ અને શાળા પરિવારનાં સંકલનમાં યોજાયેલ આ કાર્યક્રમમાં પેટા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના શ્રી જલ્પાબેન વાળા, અગ્રણીઓ શ્રી બાબુભાઈ મકવાણા, શ્રી મેહુરભાઈ ગોહિલ, શ્રી ત્રિકમભાઈ નાકરાણી, શ્રી વલ્લભભાઈ ચૌહાણ અને કાર્યકર્તાઓ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. મિત્રોનો સાથ રાહત આપશે. તમે જો કોઈ નવું સાહસ શરૂ કરવાનો વિચારી રહ્યા હો-તો ઝડપથી નિર્ણય લો-કેમ કે ગ્રહો તમારી તરફેણમાં છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. પારિવારિક સમસ્યાઓને ઉચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ. વધુ મોડું કર્યા વિના તમારે એ વિશે ચર્ચા કરવી જોઈએ કેમ કે એકવાર આ બાબત ઉકેલાઈ જશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના આ દિવસે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે. જોકે તમે તમારા શાંત સ્વભાવ થી બધું ઠીક કરી દેશો? તમારા બાળકોની ચિંતાઓમાં સહકાર આપવો મહત્વનો છે. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે.

**કર્ક (ડ,હ) :**
આજે તમારો માનસિક ભય તમને નિરાશ કરી શકે છે. હકારાત્મક રીતે વિચારવું તથા ઉજળી બાજુ તરફ જોવું એ આ ભયને કિનારે રાખશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. કેટલાક માટે નવો રૉમાન્સ તેમનો ઉત્સાહ વધારશે.

**સિંહ (મ,ટ) :**
આજે તમારો ગુસ્સો કોઈકને વધુ મુશ્કેલીમાં મુકી દેશે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવારમાં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવનમાં સ્થાન પણ આપી શકો છો. ઉપયોગી થવાની તમારી શક્તિને હકારાત્મક વિચારો સાથે વિકસાવો અને લોકો તરફથી મળતા સૂચનોને તમારા પરિવારના ફાયદા માટે અપનાવો. હિંમત હારતા નહીં.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ છે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. કોઈ પિકનિક સ્પૉટની મુલાકાત લઈ તમે તમારૂં પ્રેમ જીવન ઝળકાવી શકો છો.

**તુલા (ર,ત) :**
આજે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. પ્રિયપાત્ર સાથે ઝઘડો કરાવે એવા મુદ્દાઓ ટાળવા તમારી માટે શ્રેષ્ઠ રહેશે. તમારા મિત્ર સાથે બહાર જાવ ત્યારે સારી રીતે વર્તો. આજે તમે જે લૅક્ચર અને સેમિનારમાં ભાગ લેશો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. કામના સ્થાળે આજનો દિવસ અદભુત રીતે વિતશે એવું જણાય છે. તમારે યાદ રાખવાની જરૂર છે કે ઈશ્વર એની જ મદદ કરે છે જે પોતાની મદદ કરે છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે ઘરનું ટૅન્શન તમને ગુસ્સે કરી મૂકશે.તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેચેન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી .મિત્રો તમને એક યાદગાર સાંજ માટે તેમના ઘરે બોલાવશે. પ્રેમ હંમેશાં ઊંડી ભાવનાઓ ધરાવતું હોય છે.

**મકર (ખ,જ) :**
આજે આનંદમય દિવસ માટે માનસિક તાણ અને તણાવ ટાળો. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે-તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. પોતાના જીવન કરતાં તમને વધુ પ્રેમ કરતી વ્યક્તિને તમે મળશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે.

# ફ્રાન્સમાં વાવાઝોડું ત્રાટક્યું, ૧૨૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાયો

## વડાપ્રધાન ફ્રેન્કોઈસ બેયરોઉ સંબોધન કરી રહ્યા હતા ત્યારે જ સંસદભવનની છતમાંથી પાણી ટપકવા લાગ્યું હતું : સંસદનું સત્ર તાત્કાલિક રદ્દ કરી દેવાયું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

ફ્રાન્સમાં વાવાઝોડાએ ભારે નુકસાન કર્યું છે. વાવાઝોડાં અને અતિ ભારે વરસાદના કારણે અનેક વૃક્ષો ધરાશાયી થયા છે. પેરિસ અને મ્યેનમાં જુદા જુદા કિસ્સામાંબે લોકોનાં મોત થયા છે. ઠેર-ઠેર પાણી ભરાઈ જતાં પેરિસમાં હાલાકી સર્જાઈ છે. સ્કૂલ-કોલેજો બંધ રાખવાની ફરજ પડી હતી. પેરિસના પ્રવાસન સ્થળોને તુરંત બંધ કરાવીને પ્રવાસીઓને સલામત સ્થળોએ પહોંચાડવામાં આવ્યા હતા. વડાપ્રધાન ફ્રેન્કોઈસ બેયરોઉ સંબોધન કરી રહ્યા હતા ત્યારે જ સંસદભવનની છતમાંથી પાણી ટપકવા લાગ્યું હતું : સંસદનું સત્ર તાત્કાલિક રદ્દ કરી દેવાયું હતું. ફ્રાન્સમાં પેરિસ સહિતના ઘણાં સ્થળોએ વાવાઝોડાં સાથે ધોધમાર વરસાદ વરસ્યો છે. ભારે વરસાદના કારણે પેરિસમાં ઠેર-ઠેર પાણી ભરાયા હતા. પેરિસમાં તમામ આઉટડોર એક્ટિવિટી તાત્કાલિક અસરથી બંધ કરી દેવાઈ હતી. વરસાદી ઘટનાઓમાં ફ્રાન્સમાં ત્રણ લોકોનાં મોત થયા છે. લગભગ બે ડઝનથી વધુને ઈજા પહોંચી છે. અનેક વૃક્ષો ધરાશાયી થયા છે.ફ્રાન્સમાં પેરિસ સહિતના ઘણાં શહેરોમાં વીજળી ગૂલ થઈ ગઈ હતી. ૧.૧૦ લાખ ઘરોમાંથી વીજળી ગૂલ થયાની ફરિયાદ નોંધાઈ હતી. લાખો લોકો અંધારપટ્ટમાં રાત વીતાવશે. ૧૨૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાતા જનજીવનને અસર થઈ હતી. વડાપ્રધાન ફ્રેન્કોઈસ બેયરોઉ સંબોધન કરી રહ્યા હતા ત્યારે જ સંસદભવનની છતમાંથી પાણી ટપકવા લાગ્યું હતું. લાઈવ ભાષણ વખતે વડાપ્રધાને એ બતાવીને કહ્યું હતું કે આ જુઓ! વડાપ્રધાન ફ્રેન્કોઈસ બેયરોઉ સંબોધન કરી રહ્યા હતા ત્યારે જ સંસદભવનની છતમાંથી પાણી ટપકવા લાગ્યું હતું : સંસદનું સત્ર તાત્કાલિક રદ્દ કરી દેવાયું હતું, કેવો ભયાનક વરસાદ વરસી રહ્યો છે. આ ઘટના પછી સંસદનું સત્ર તાત્કાલિક અસરથી રદ્દ કરી દેવાયું હતું. ફ્રાન્સની સંસદમાં મધ્યપૂર્વની કટોકટી બાબતે ચર્ચા ચાલી રહી હતી.



### ન્યૂઝ બ્રિફ

## ૮૦ ટકા ફિશિંગ એટેક્સમાં AIનો ઉપયોગ થાય છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

AIને કારણે હવે સમગ્ર વિશ્વમાં સાયબર ક્રાઈમમાં વધારો થયો છે. છેતરપિંડી કરનાર પાસે હવે AI ટૂલ્સ આવી ગયા છે, જેના કારણે તેઓ લોકોને પહેલાંથી વધુ ગંભીર રીતે છેતરી રહ્યાં છે. હાલમાં જ જાહેર થયેલા એક અહેવાલ મુજબ ૮૦ ટકા ફિશિંગ એટેક્સમાં હવે AIનો ઉપયોગ થાય છે. આ અહેવાલનું નામ છે 'ધ સ્ટેટ ઓફ AI-પાવર્ડ સાયબર ક્રાઈમ: થ્રેટ એન્ડ મિટિગેશન રિપોર્ટ ૨૦૨૫', જે ગ્લોબલ ઈનિશિએટિવ ફોર રીસ્ટ્રક્ચરિંગ એન્વાયરમેન્ટ એન્ડ મેનેજમેન્ટે ઓટોમોટિવ રિટેલ ટેક્નોલોજી કંપની ટેકીઓન સાથે મળીને તૈયાર કર્યો છે. એમાની માહિતી અનુસાર ૮૨.૬ ટકા ફિશિંગ ઈમેઈલ્સમાં AI ટૂલ્સનો ઉપયોગ થાય છે. એટલે દસમાંથી આઠ જેટલા ફિશિંગ એટેક્સમાં છેંનો ઉપયોગ થઈ રહ્યો છે. AIનો ઉપયોગ ફક્ત ઈમેઈલ લખવા સુધી સીમિત નથી રહ્યો. હવે તે રિયલ ડેશબોર્ડ બનાવવા, નવી ડોમેઈન બનાવવા અને ફિશિંગ માટે પેજો અથવા વેબસાઈટો તૈયાર કરવામાં પણ ઉપયોગી બને છે. જેના કારણે લોકો આ પ્રકારના એટેક્સમાં સરળતાથી ફસાઈ જાય છે. આ અભ્યાસને કર્ણાટકના ડિરેક્ટર જનરલ એન્ડ ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ, ડૉ. એમ.એ. સલીમે લોન્ચ કર્યો હતો. તેમણે જણાવ્યું કે AIના આધારે જે રીતે છેતરપિંડી વધી રહી છે, તેના વિશે લોકોને જાગૃત કરવી ખૂબ જરૂરી બની ગઈ છે.

## અમેરિકા વચ્ચે આવ્યું, નહીંતર ઇઝરાયલનો ખાતમો કરી નાંખત



। (એજન્સી) તહેરાન, તા.૨૭ ।

ઈરાન-ઈઝરાયલ વચ્ચે ૧૨ દિવસ યુદ્ધ ચાલ્યા બાદ યુદ્ધવિરામ થઈ ગયું છે. ઈઝરાયલે ઈરાન પર હુમલાની શરુઆત કર્યા બાદ અમેરિકાએ પણ ઈરાનના પરમાણુ મથકોને ટાર્ગેટ કર્યા હતા. આ તમામ ઘટનાક્રમ પર પૂર્ણવિરામ મૂકાયા બાદ ઈરાનના સુપ્રીમ લીડર અયતુલ્લા ખામેનેઈ જીતનો દાવો કર્યો છે. ખામેનેઈએ સત્તાવાર નિવેદન જાહેર કરીને 'મહાન દેશ ઈરાન'ને અભિનંદન પાઠવ્યા છે. તેમણે એવું પણ કહ્યું કે, અમેરિકા વચ્ચે ન આવ્યું હોત તો અમે ઈઝરાયલનો ખાતમો કરી નાખ્યો હોત.' ઈઝરાયલે હુમલા કર્યા બાદ ખામેનેઈ ઘણા દિવસથી ગુમ હતા. અમેરિકાના હુમલા બાદ ખામેનેઈ પહેલી વખત નિવેદન જાહેર કરી ઈઝરાયલ પર જીતની જાહેરાત કરી છે. ઈરાનની સરકારી સમાચાર એજન્સી ઈરનાએ ખામેનેઈને ટાંકીને કહ્યું છે કે, 'શોરબકોર અને અનેક દાવાઓ કર્યા છતાં ઈઝરાયલ ધ્વસ્ત થઈ ગયું છે. ઈસ્લામી ગયતંત્રએ કરેલા હુમલાઓએ ઈઝરાયલને સંપૂર્ણ કચડી નાખ્યું છે. અમેરિકાને લાગતું હતું કે, જો તે યુદ્ધમાં સામેલ નહીં થાય તો ઈઝરાયલ સંપૂર્ણ નષ્ટ થઈ જશે.

### રેર અર્થ મેગ્નેટ જેવા કમ્પોનન્ટ્સની તંગી અને ઊંચી ઈન્વેન્ટરી અસર કરશે

# પેસેન્જર વ્હીકલનું હોલસેલ વેચાણ આ વર્ષે ૧-૪ ટકા વધશે : ઈકરા

## આ વર્ષે મે મહિનામાં પેસેન્જર વ્હીકલનું રિટેલ વેચાણ માસિક ધોરણે ૧૩.૬ ટકા ઘટીને ૩,૦૨,૨૧૪ યુનિટ જેટલું થયું હતું

। (એજન્સી) મુંબઈ, તા.૨૭ ।

રેટિંગ એજન્સી ઈકરાએ ગુરુવારે સ્થાનિક પેસેન્જર વ્હીકલના હોલસેલ વેચાણ વોલ્યૂમ ગ્રોથનો અંદાજ ચાલુ વર્ષ માટે ઘટાડીને ૧-૪ ટકા કર્યો છે. તેણે અગાઉ આ અંદાજ ૪-૭ ટકાનો આપ્યો હતો. ઈન્વેન્ટરી લેવલ વધારે હોવાથી અને રેર અર્થ મેગ્નેટ જેવા મહત્વના કમ્પોનન્ટ્સની તંગીને કારણે ઈલેક્ટ્રિક વ્હીકલના વેચાણ પર અસર થઈ શકે છે. ઈકરાએ કહ્યું હતું કે તાજેતરના સમયમાં રેર અર્થ મેગ્નેટ્સ જેવા કમ્પોનન્ટ્સની તંગી જોવા મળી છે



જેને કારણે ઉત્પાદનની પણ સમસ્યા જોવા મળી છે. ખાસ કરીને ઈલેક્ટ્રિક વાહનોનાં ઉત્પાદન પર અસર થઈ છે. જોકે ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચર્સ તરફથી મક્કમ ગતિએ નવા-નવા મોડેલ લોન્ચ થઈ રહ્યા છે જેને કારણે સમગ્ર રીતે વોલ્યૂમમાં પોઝિટિવ ગ્રોથ જોવા મળશે. આ વર્ષે મે મહિનામાં પેસેન્જર વ્હીકલનું રિટેલ વેચાણ માસિક ધોરણે ૧૩.૬ ટકા ઘટીને ૩,૦૨,૨૧૪ યુનિટ થયું હતું, જે એપ્રિલ મહિનામાં ૩,૪૯,૯૩૯ યુનિટ હતું. તે દર્શાવે છે કે કન્ઝ્યુમર સેન્ટિમેન્ટ નરમ રહ્યું હતું. બીજી તરફ ટુ વ્હીલર સેગમેન્ટમાં મજબૂત પરફોર્મન્સ જોવાયું છે. રિટેલ વોલ્યૂમ ૭ ટકા વધ્યું હતું. ગ્રામીણ ક્ષેત્રે માંગ સારી રહી હતી. ઈકરાએ કહ્યું હતું કે ટુ વ્હીલર સેગમેન્ટમાં ગ્રોથ અંગે તે સાવચેતીપૂર્વકનો આશાવાદ રાખે છે અને હોલસેલ વોલ્યૂમ ૬-૯ ટકા વધશે તેવો અંદાજ છે.

### લગ્નજીવનમાં હતું તેવા જ જીવનધોરણની સ્ત્રી પણ હકદાર

# મહિલા કમાતી હોય તો પણ ભરણ પોષણનો હક: બોમ્બે હાઈકોર્ટ

## અરજદારે દલીલ કરી હતી કે તેની પત્ની નોકરી કરતી મહિલા અને મહિને રૂપિયા ૨૫,૦૦૦થી વધુ કમાય છે, તેથી તેને મોટા ભરણપોષણની જરૂર નથી

। (એજન્સી) મુંબઈ, તા.૨૭ ।

બોમ્બે હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં જણાવ્યું છે કે મહિલા કમાતી હોવાથી તેને તેના અલગ થયેલા પતિ પાસેથી નાણાકીય સહાયથી વંચિત રાખી શકાય નહીં. મહિલાએ પણ તેનું પોતાનું જીવનધોરણે જાળવી રાખવાનું હોય છે. પત્ની તે જ જીવનધોરણની હકદાર છે, જે તે અલગ થયા પહેલા ધરાવતી હતી. જસ્ટિસ મંજુષા દેશપાંડેની ખંડપીઠે ૧૮ જૂને આદેશ આપ્યો હતો, પરંતુ તેની નકલ ગુરુવારે ઉપલબ્ધ થઈ હતી. કોર્ટે ઓગસ્ટ ૨૦૨૩ના ફેમિલી કોર્ટના આદેશને



પડકારતી એક પુરુષની અરજી ફગાવી દીધી હતી. ફેમિલી કોર્ટે દર મહિને રૂ.૧૫,૦૦નું ભરણપોષણ ચુકવવાનો આદેશ આપ્યો હતો. અરજદારે દલીલ કરી હતી કે તેની પત્ની નોકરી કરતી મહિલા છે અને મહિને રૂ. ૨૫,૦૦૦થી વધુ કમાય છે. તેથી તેને મોટા ભરણપોષણની જરૂર નથી. કોર્ટે તેના આદેશમાં જણાવ્યું હતું કે પત્ની કમાતી હોવા છતાં આવક તેના પોતાના ભરણપોષણ માટે પૂરતી નથી. તેને નોકરી માટે દરરોજ લાંબું અંતર કાપવું પડે છે.આટલી આવક સાથે તે યોગ્ય જીવન જીવવાની સ્થિતિમાં નથી. પત્ની કમાતી હોવાથી તેને તેના પતિ તરફથી મળતી નાણાકીય સહાયથી વંચિત રાખી શકાય નહીં. પત્ની કરતાં પતિ ઘણુ વધારે કમાય છે અને તેની કોઈ નાણાકીય જવાબદારીઓ નથી. કોર્ટે તેના આદેશમાં નોંધ્યું હતું કે મહિલા હાલમાં તેના માતાપિતા અને ભાઈ સાથે રહે છે.




ઉત્તરાખંડના નૈનીતાલમાં શેરવુડ કોલેજના પરિસરમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

### વેસ્ટ ઈન્ડિઝના ભૂતપૂર્વ ફાસ્ટ બોલરે આ નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી

# અમ્પાયર્સના ૫-૫ ખોટા નિર્ણયને લીધે WI vs AUS મેચમાં હોબાળો

## બીજા દિવસની પહેલી જ ઓવરમાં વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન રોસ્ટન ચેઝે જોશ હેઝલવુડના ઇન-સ્વિંગ બોલને ફાઇન લેગ પર સિંગલ માટે રમ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

વેસ્ટ ઈન્ડિઝ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ મેચની શ્રેણીની પહેલી ટેસ્ટ મેચ હાલમાં બાર્બાડોસના કેન્સિંગ્ટન ઓવલ ખાતે રમાઈ રહી છે. મેચના પહેલા બે દિવસમાં ૨૪ વિકેટ પડી ગઈ હતી અને મેચ રોમાંચક વળાંકે પહોંચી. બંને ટીમો WTC 2025-27 ની શરૂઆત જીત સાથે કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરી રહી છે. ત્યારે થર્ડ અમ્પાયર્સના ૫-૫ નિર્ણય વિવાદમાં રહ્યા છે. આ દરમિયાન મેચ દરમિયાન થર્ડ અમ્પાયર એડ્રિયન હોલ્ડસ્ટોકના કેટલાક વિવાદાસ્પદ નિર્ણયો ચર્ચાનો વિષય બન્યાં છે. ૧-૨ નહીં પરંતુ થર્ડ અમ્પાયરના ૫-૫ નિર્ણયો પર સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે. આ દરમિયાન, યજમાન વેસ્ટ ઈન્ડિઝ ટીમને સૌથી વધુ ફરિયાદો હશે કારણ કે આ ૫ માંથી ૪ નિર્ણયો તેમની ટીમ વિરુદ્ધ છે. બીજા દિવસની પહેલી જ ઓવરમાં વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન રોસ્ટન ચેઝે જોશ હેઝલવુડના ઈન-સ્વિંગ બોલને ફાઈન લેગ પર સિંગલ માટે રમ્યો. ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સે વિચાર્યું કે બોલ પહેલા પેડ પર વાગ્યો છે, તેથી તેણે તરત જ DRSનો ઉપયોગ કર્યો. ચેઝના બેટ પર બોલ વાગ્યો તે પહેલાં એક ળેમમાં અલ્ટ્રા એજ પર સ્પાઈક દેખાયો. જોકે, જ્યારે થર્ડ અમ્પાયરે નોટ આઉટનો નિર્ણય આપ્યો ત્યારે દર્શકો આશ્ચર્યચકિત થઈ ગયા કારણ કે તેમને લાગ્યું કે બોલ પહેલા બેટ પર વાગ્યો હતો. પેટ કમિન્સ અને હેઝલવુડ તરત જ સ્પષ્ટતા માટે ફિલ્ડ અધિકારીઓ પાસે ગયા, પરંતુ કંઈ થયું નહીં.આગામી થોડી ઓવરમાં, વિન્ડીઝના કેપ્ટન રોસ્ટન ચેઝ સાથે બીજી ઘટના બની અને આ વખતે તે પોતે ખોટા નિર્ણયનો ભોગ બન્યો. પેટ કમિન્સે તેને LBW આઉટ કર્યો અને અમ્પાયરે પણ તેને આઉટ આપ્યો. ચેઝે DRSનો ઉપયોગ કર્યો કારણ કે તેને લાગ્યું કે બોલ તેના બેટ પર વાગ્યો છે. અલ્ટ્રા એજમાં પણ કેટલાક સ્પાઈક્સ જોવા મળ્યા, તેમ છતાં અમ્પાયરે તેને આઉટ જાહેર કર્યો. વેસ્ટ ઈન્ડિઝના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ઈયાન બિશપે આ નિર્ણય પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું, "હું આ નિર્ણય સાથે અસંમત છું. હું ત્યાંની ટેક્નોલોજી સાથે અસંમત છું. મને લાગ્યું કે તેના કારણે જ આવું થયું. મને અમારી ટીમ માટે દુઃખ છે, પરંતુ મારા મતે તે આઉટ નહોતો.'' નાટક અહીં અટક્યું નહીં. બપોરના સેશનમાં, વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેન શાઈ હોપને વિકેટકીપર એલેક્સ કેરીએ શાનદાર કેચ પકડ્યા બાદ પેવેલિયન પરત મોકલી દીધો. જોકે, અમ્પાયર કેચથી સંતુષ્ટ ન હતા અને તેમણે નિર્ણય થર્ડ અમ્પાયરને મોકલ્યો. રિપ્લેમાં જોવા મળ્યું કે જ્યારે કેરીએ બોલ પકડ્યો ત્યારે બોલનો કેટલોક ભાગ જમીનને સ્પર્શી ગયો. તેમ છતાં થર્ડ અમ્પાયરે હોપને આઉટ જાહેર કર્યો.

### બે ઓવર વચ્ચે એક મિનિટનો સમય અપાશે

# સ્લો ઓવર રેટ સામે આઇસીસી સ્ટોપ ક્લોકનો નિયમ લાદશે

। (એજન્સી) દુબઈ, તા.૨૭ ।

ક્રિકેટમાં સમય વેડફવાના વધતા જતા કિસ્સાને ધ્યાનમાં રાખીને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ નવી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સાઈકલ સાથે સ્લો ઓવર રેટને નાથવા માટે સ્ટોપ ક્લોકનો નિયમ અમલી બનાવ્યો છે. શ્રીલંકા અને બાંગ્લાદેશ વચ્ચે રમાતી ટેસ્ટ સિરીઝ સાથે આ નિયમ અમલી બન્યો છે. અગાઉ લિમિટેડ ઓવરના ક્રિકેટમાં આ નિયમ અમલી હતો.આ ઉપરાંત બેટિંગ કરતી વખતે જાણી જોઈને કોઈ બેટર શોર્ટ રન લે તો આગામી બોલે કયો બેટર સ્ટ્રાઈક પર રહેશે તે અંગે પણ નિયમમાં સુધારા કરવામાં આવ્યા છે.આઈસીસીની ટેસ્ટ મેચ માટેની પ્લેઈંગ કન્ડિશન મુજબ સ્લો ઓવર રેટની સમસ્યાના ઉકેલ સ્વરૂપે સ્ટોપ ક્લોક નિયમ લાવવામાં આવ્યો છે. આ માટે બોલિંગ કરતી ટીમ એક ઓવર પૂરી થયાની ૬૦ સેકન્ડમાં નવી ઓવર શરૂ કરી દેવાની રહેશે. સ્ટેડિયમમાં ઈલેક્ટ્રોનિક બોર્ડ પર ઓવર પૂરી થયા બાદ આ ક્લોક શરૂ થઈ જશે અને તે ૦૦થી ૬૦ની ગણતરી શરૂ કરી દેશે.

### દોરડા વડે હાથ-પગ બાંધેલા હતા

# મેરઠ બાદ લુધિયાણામાં વાદળી ડ્રમમાં લાશ મળતા સનસનાટી મચી

। (એજન્સી) મેરઠ, તા.૨૭ ।

ઉત્તર પ્રદેશના મેરઠ અને હવે પંજાબના લુધિયાણામાં વાદળી ડ્રમમાંથી એક મૃતદેહ મળી આવતા ભારે સનસનાટી ફેલાઈ ગઈ હતી. શેરપુર વિસ્તારમાં ડ્રમની અંદર પ્લાસ્ટિકની થેલીમાં મૃતદેહ લપેટાયેલો હતો. તેના પગ અને ગરદન દોરડાથી બાંધેલા હતા. ડ્રમમાંથી દુર્ગંધ આવતા સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહ કબજે કરીને તપાસ હાથ ધરી છે. અહેવાલ મુજબ, મૃતકની ઓળખ થઈ નથી અને તેની હત્યાનું કારણ પણ જાણવા મળ્યું નથી. પોલીસના જણાવ્યાનુસાર, મૃતક સ્થાનિક હોવાનું લાગતું નથી. તેની ઓળખ માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને હત્યારાઓની શોધ કરવામાં આવી રહી છે. પોલીસના જણાવ્યાનુસાર, ડ્રમમાંથી મળેલા મૃતદહ પર કોઈ ઈજાના નિશાન નથી, પરંતુ તેની હાલત ખરાબ છે. તેને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યું છે. પોસ્ટમોર્ટમ પછી જ ખબર પડશે કે વ્યક્તિનું મૃત્યુ કયા સંજોગોમાં થયું.

# ચૂંટણી પંચ પાંચ રાજ્યોમાં મતદાર યાદી ચકાસણી ઝુંબેશ ચલાવશે

## મતદારોએ ચકાસણી દરમિયાન જન્મ તારીખ અને જન્મ સ્થળ સંબંધિત દસ્તાવેજો સાથે ઘોષણાપત્ર રજુ કરવાના રહેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

ચૂંટણી પંચે બિહાર વિધાનસભા ચૂંટણી માટે ઘરે ઘેર જઈને મતદાર યાદીની ચકાસણી કરવાની પહેલ શરૂ કર્યા બાદ અન્ય પાંચ રાજ્યોમાં પણ આવુ અભિયાન ચલાવશે.

આ વર્ષના અંતે બિહારમાં વિધાન સભા ચૂંટણી યોજાવાની છે, ત્યારે પંચે બિહારની જેમ અન્ય પાંચ રાજ્યોમાં ઘરે ઘરે જઈને મતદાર યાદીની ચકાસણી કરવાનો નિર્ણય લીધો હોવાનું સૂત્રો પાસેથી માહિતી મળી છે. બિહાર બાદ આવતા વર્ષે તમિલનાડુ, પશ્ચિમ




બંગાળ, આસામ, પુડુચેરી અને કેરાલામાં વિધાનસભા ચૂંટણી યોજાઈ શકે છે. સૂત્રોના જણાવ્યા મુજબ ચૂંટણી પંચે પાંચેય રાજ્યોની ચૂંટણીને ધ્યાને રાખી અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. મતદારોએ ચકાસણી દરમિયાન જન્મ તારીખ અને જન્મ સ્થળ સંબંધિત દસ્તાવેજો સાથે ઘોષણાપત્ર પણ રજુ કરવાના રહેશે.

ચૂંટણી પંચે ઘરે ઘરે જઈને મતદાર યાદીના નામોની ચકાસણી કરવા માટેની ઝુંબેશ બિહારથી શરૂ કરી દીધી છે. અગાઉ અનેક વખત મતદાર યાદીમાં ગડબડી અને ખામી હોવાના આક્ષેપ થયા હતા, તેને ધ્યાને રાખી ચૂંટણી પંચે આ ઝૂંબેશ શરૂ કરી દીધી છે. ચૂંટણી પંચ ઝુંબેશ હેઠળ, તેવા લોકો પર વધુ ધ્યાન કેન્દ્રીત કરશે, જેઓ બંગાળથી ઘૂસણખોરી કરી દેશમાં આવ્યા છે અને મતદાર યાદીમાં પોતાનું નામ નોંધાઈ ચૂક્યા છે. મતદારોએ ચકાસણી દરમિયાન જન્મ તારીખ અને જન્મ સ્થળ સંબંધિત દસ્તાવેજો સાથે ઘોષણાપત્ર રજુ કરવાના રહેશે, ચૂંટણી પંચનું માનીએ તો હવે આવા મતદારો પાસેથી જન્મ તારીખ અને જન્મ સ્થળ સંબંધીત દસ્તાવેજો મંગાશે. સાથે જ તેમના માતા-પિતાની અને તેઓ જે સ્થળે રહે છે, તેની પણ માહિતી એકઠી કરાશે. મતદારો પાસેથી મેળવેલા દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ ઓનલાઈન અપલોડ કરાશે.

## ન્યૂઝ બ્રિફ

### પ્લેન ક્રેશમાં ઘાયલ ૧૨ મેડિકલ વિદ્યાર્થીની ફી માફ કરવા માગ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ ક્રેશ થવાની ઘટનામાં ૧૨ મેડિકલ વિદ્યાર્થી ઈજાગ્રસ્ત થયા હતા. જેમની શૈક્ષણિક ફી માફ કરવા માટે જુનિયર ડોક્ટર એસોસિએશન (JDA) દ્વારા ગુજરાત યુનિવર્સિટીના કુલપતિને લેખિતમાં રજૂઆત કરી છે. પ્લેન ક્રેશમાં ઈજાગ્રસ્ત ૧૨ પૈકી ૮ વિદ્યાર્થી હજુ પણ સારવાર હેઠળ છે. આ પૈકી કેટલાક વિદ્યાર્થીઓની સારવાર લાંબા સમય સુધી ચાલે તેમ હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ૧૨ જૂનના રોજ સિવિલ કેમ્પસના પાછળના ભાગે આવેલી બી.જે. મેડિકલ કોલજની અતુલ્યમ હોસ્ટેલ પાસે પ્લેન ક્રેશની દુર્ઘટનામાં મેડિકલના વિદ્યાર્થીઓ માટેની મેસમાં ભોજન લેતા ૪ મેડિકલ સ્ટુડન્ટ્સના મોત નિપજ્યાં હતા. આ દરમિયાન મેડિકલ સ્ટુડન્ટ્સ, ડોક્ટર સહિત અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

### ભાવનગરઃ ઘોઘા ગામમાં ૨ બાળકોના ડૂબી જતા મોત

। (એજન્સી) ભાવનગર, તા.૨૭ ।

જિલ્લામાં એક દુઃખદ બનાવ સામે આવ્યો છે. ઘોઘા ગામે ૩ બાળકો ડૂબી ગયા જે પૈકી એક બાળકનું રેસ્ક્યુ કરીને તેને બચાવી લેવામાં આવ્યો પરંતુ ૨ બાળકોના આ અકસ્માતમાં મોત નીપજ્યા છે. ઘોઘામાં આડી સડક પાસે પાણીના ટાંકીની બાજુમાં આવેલ મોટો ખાડો છે જ્યાં પાણી ભરાઈ ગયું છે. આ જ પાણી ભરેલા ખાડામાં ૩ બાળકો ડૂબી ગયા હતા. જોકે તે પૈકી ૧ બાળકનું રેસ્ક્યુ કરીને તેને બચાવી લેવામાં આવ્યો જ્યારે ૨ બાળકોના મોત નીપજ્યા છે. જેથી આ ઘટનાને લઈને ગામમાં ચકચાર મચી જવા પામી છે. બાળકો અગમ્ય કારણોસર પાણીના ખાડામાં ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતા જ પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી.

### જસદણ તાલુકાના ગ્રામ્ય વિસ્તારની સીમમાં ઝરખનો આતંક યથાવત

। (એજન્સી) રાજકોટ, તા.૨૭ ।

જસદણ તાલુકાના સાણથલી અને દોલતપર ગામની સીમમાં એક હિંસક પ્રાણીએ દેખા દેતા ખેતમજૂરોમાં ફફડાટ ફેલાયો છે. ભાદર નદીના કાંઠા વિસ્તારમાં આ પ્રાણીએ ૧૫ થી ૧૭ જેટલા લોકોને બચકા ભરી ઘાયલ કર્યા છે. મોટાભાગના શિકાર પરપ્રાંતિય ખેતમજૂર મહિલાઓ, પુરુષો અને બાળકો બન્યા છે.છેલ્લા બે દિવસથી સાંજના સમયે આ હુમલાઓ થઈ રહ્યા છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, આ પ્રાણી કૂતરા જેવું દેખાય છે. પરંતુ તે કૂતરું નથી. આ હિંસક પ્રાણી પગમાં બચકા ભરી લોકોને ઘાયલ કરી રહ્યું છે. ઈજાગ્રસ્તોને સાણથલીના સામૂહિક આરોગ્ય કેન્દ્ર તેમજ ખાનગી દવાખાનામાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. ઈજાગ્રસ્તોમાંથી બે પરપ્રાંતિય મહિલાઓ અને બે નાના બાળકોને વધુ સારવાર માટે જસદણ, ગોંડલ અને રાજકોટ રીફર કરવામાં આવ્યા છે.

# પ્રથમવાર ભગવાનને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું

## મંદિરના મહંત દિલીપદાસજીને ઉચ્ચ પદવી મળી છે : જગન્નાથજી મંદિરના મહંત દિલીપદાસજીને જગદગુરુની પદવી અપાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।



શહેરમાં અષાઢી બીજ એટલે જગન્નાથની રથયાત્રાનો દિવસ. આ દિવસે ભગવાન ભક્તોને દર્શન આપવા માટે નગરચર્યાએ નીકળે છે. આ એક જ દિવસ હોય છે જ્યારે ભગવાન ભક્તોને આશીર્વાદ આપવા માટે નગરચર્યાએ નીકળે છે. ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાને વધાવવા માટે ભક્તો આતુર હોય છે.

૧૪૮ વર્ષથી પારંપરિક રીતે ચાલતી રથયાત્રામાં આ વખતે ચાર ઘટનાઓ પહેલીવાર બની છે. એટલે કે, કહી શકાય કે આ વખતની રથયાત્રાની ચાર વિશેષતાઓ છે.

આ વર્ષે યાત્રા ૧૦ મિનિટ વહેલી શરૂ થઈ : સામાન્ય રીતે રથયાત્રા અષાઢી બીજની સવારે સાત વાગે મુખ્યમંત્રી રથયાત્રાને પ્રસ્થાન કરાવે છે. પરંતુ આ વખતની રથયાત્રા ૧૦ મિનિટ વહેલી શરૂ થઈ હતી. આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોનાની સાવરણીથી માર્ગ સાફ કરીને અમદાવાદની ૧૪૮મી રથયાત્રાનો પ્રારંભ કરાવ્યો છે.

પહેલીવાર ધાર્મિક યાત્રામાં છૈંનો ઉપયોગ : આ રથયાત્રા છે અને તે વિના વિઘ્ને પસાર થાય તે માટે અમદાવાદ પોલીસે અત્યાર સુધીનો સૌથી મોટો બંદોબસ્ત ગોઠવ્યો છે. જેમાં પોલીસ, રેપીડ એક્શન ફોર્સ તેમજ અન્ય પેરામીલેટરી ફોર્સની સાથે કુલ ૨૪ હજાર જેટલા સુરક્ષા કર્મીઓ તૈનાત રહેશે. પોલીસે સૌ પ્રથમવાર AI ટેકનોલોજીથી સજ્જ ખાસ સોફ્ટવેરનો ઉપયોગ કરીને ભીડ પર નજર રાખવાની સાથે ફાયર એલર્ટ પણ આપશે. આ ઉપરાંત, પાંચ હજારથી વધારે બોડીવોર્ન કેમેરા, ડ્રોન, જીપીએસના સાધનોની મદદ પણ લેવામાં આવશે.

પ્રથમવાર ભગવાનને ગાર્ડ ઓફ ઓનર અપાયું : આ વર્ષે ઈતિહાસમાં સૌપ્રથમ વખત ભગવાન જગન્નાથજીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું છે. આજે સવારે પહિંદ વિધિ પહેલાં ગુજરાત પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનરનું આયોજન કરાયું હતુ. જણાવી દઈએ કે, અત્યાર સુધીમાં ક્યારેય ભગવાન જગન્નાથની રથયાત્રા પહેલાં ભગવાનને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું નહતું.

મહંત દિલીપદાસજીને નવી પદવી અપાઈ : આજે રથયાત્રાના પાવન પર્વમાં જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજીને ઉચ્ચ પદવી મળી છે. જગન્નાથજી મંદિરના મહંત દિલીપદાસજીને જગદગુરુની પદવી અપાઈ છે. દિલીપદાસજી મહામંડલેશ્વરમાંથી જગદગુરુ બન્યા છે. જગદગુરુ રામાનંદાચાર્ય દિલીપ દેવાચાર્યના નામથી ઓળખાશે. ૧૦૦૮ મહામંડલેશ્વર મહંત દિલીપ દાસજી મહારાજા હતા જે હવે નવા નામથી ઓળખાશે. આ અવસરે દેશભરના સાધુ-સંતોની હાજરીમાં આ પદવી આપવામાં આવી હતી.

આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોનાની સાવરણીથી માર્ગ સાફ કરીને અમદાવાદની ૧૪૮મી રથયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

'જય રણછોડ, માખણચોર'ના જયઘોષ સાથે પરંપરાગત રીતે ભગવાન જગન્નાથજી, તેમના ભાઈ બલરામજી અને બહેન સુભદ્રાજી નગરચર્યાએ નીકળ્યા છે. નોંધનીય છે કે, ગૃહમંત્રી અમિત શાહે રથયાત્રા પહેલા મંગળા આરતી કરી હતી. આ સાથે આ વર્ષે ઈતિહાસમાં સૌપ્રથમ વખત ભગવાન જગન્નાથજીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું છે. ભક્તોમાં ચોમેર હર્ષ-ઉલ્લાસનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. અમદાવાદના પોલીસતંત્રએ જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવ્યું છે.

### હવે નહિ વસૂલી શકાય વધુ ટેક્સ

# આવાસ યોજનામાં રહેતા નાગરિકોના હિતમાં સરકારનો મોટો નિર્ણય

## સરકારની સહાયથી નિર્માણ પામેલા આવાસો માટે વાર્ષિક રૂ.૨૦૦ના એક સમાન દરથી ઘર વેરા આકારણીની વસુલાત થશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૭ ।

સમગ્ર રાજ્યમાં ગ્રામ પંચાયત વિસ્તારોમાં સરકારની સહાયથી નિર્માણ પામેલા આવાસોના વેરાને લઈને મહત્વનો નિર્ણય કરાયો છે. આવાસોના વેરા માટે વાર્ષિક રૂ.૨૦૦ના એક સમાન દરથી ઘર વેરા આકારણીની વસુલાત થશે. કેન્દ્ર સરકારની ફ્લેગશીપ યોજના પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) સહિતની વિવિધ યોજનાઓમાં સરકારની સહાયથી બનેલા આવાસોમાં લાગુ થશે. આગામી ૪ વર્ષ માટે વાર્ષિક ૨૦૦ રૂપિયાના આ આકારણીના દર નક્કી કરવામાં આવ્યા છે. કોઈપણ ગ્રામ પંચાયત આ વાર્ષિક ૨૦૦ રૂપિયાના નિર્ધારિત દરથી વધારે રકમ વસૂલ કરી શકશે નહીં. એટલું જ નહીં, ચાર વર્ષ પછી આ આકારણી દરની રાજ્ય સરકાર સમીક્ષા હાથ ધરશે. મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર કેન્દ્ર સરકારની ફ્લેગશીપ યોજના પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) સહિતની વિવિધ યોજનાઓમાં સરકારની સહાયથી બનેલા આવાસો માટે રાજ્યભરમાં આવાસ લાભાર્થીઓ પાસેથી એક સમાન દરે વાર્ષિક રૂ.૨૦૦ ઘર વેરા આકારણી પેટે લેવામાં આવશે. રાજ્યની તમામ ગ્રામ પંચાયતોની હદમાં સરકારી સહાયથી બનેલા આવાસોની હાલની ઘર વેરા આકારણીના સમયગાળાથી આગામી ૪ વર્ષ માટે વાર્ષિક ૨૦૦ રૂપિયાના આ આકારણીના દર નક્કી કરવામાં આવ્યા છે. કોઈપણ ગ્રામ પંચાયત આ વાર્ષિક ૨૦૦ રૂપિયાના નિર્ધારિત દરથી વધારે રકમ વસૂલ કરી શકશે નહીં તેવો નિર્ણય પણ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, ચાર વર્ષ પછી આ આકારણી દરની રાજ્ય સરકાર સમીક્ષા હાથ ધરશે.

### વણાકબોરી વિયર હાલ ૨૨૨.૭૫ ફૂટથી ઓવરફ્લો થઈ રહ્યો છે

# ભારે વરસાદથી વણાકબોરી વિયર ઓવરફ્લો થતાં મહિસાગર નદીમાં પાણી છોડાયું

## બીજી તરફ ઉપરવાસમાં થયેલા વરસાદને કારણે નદીઓ અને વિયરમાં પાણીની પુષ્કળ આવક થવા પામી છે

। (એજન્સી) મહિસાગર, તા.૨૭ ।

ગુજરાતમાં અનેક વિસ્તારોમાં ભારે વરસાદને કારણે જળાશયોમાં નવા નીર આવ્યાં છે. રાજ્યના કેટલાક જળાશયો ઓવરફ્લો થવાની સપાટી નજીક પહોંચ્યા છે. ત્યારે પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં ભારે વરસાદને કારણે વણાંકબોરી વિયર ઓવરફ્લો થવાની તૈયારીમાં છે.

હાલ વણાંકબોરી વિયર ૨૨૨.૭૫ની સપાટીએ પહોંચ્યો છે. વિયરમાં ૮૭૫૬ ક્યુસેક પાણીની આવક થઈ છે. ઉપરવાસમાં ભારે વરસાદથી પાણીની આવક થતાં પાણી મહિસાગર નદીમાં છોડવામાં આવી રહ્યું છે.ખેડા જિલ્લામાં છેલ્લા બે દિવસથી ભારે વરસાદ વરસી રહ્યો છે. નડિયાદમાં ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતાં. ખેડા જિલ્લામાં ભારે વરસાદના કારણે નદી નાળા છલકાયા છે.બીજી તરફ ઉપરવાસમાં થયેલા વરસાદને કારણે નદીઓ અને વિયરમાં પાણીની પુષ્કળ આવક થવા પામી છે. જેના કારણે વણાંકબોરી વિયર ઓવરફલો થવાની સપાટીએ પહોંચ્યો છે. વણાકબોરી વિયર હાલ ૨૨૨.૭૫ ફૂટથી ઓવરફલો થઈ રહ્યો છે. વિયરમાં ૮૭૫૬ ક્યુસેક પાણીની આવક થતાં મહિસાગર નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. મહિસાગર નદીમાં પાણી છોડવામાં આવતા આસપાસના વિસ્તારો અને ગામડાઓને એલર્ટ કરાયા છે. ગળતેશ્વરની મહિસાગર નદીમાં પણ પાણીની પુષ્કળ આવક થતાં નદી બે કાંઠે વહેતી થઈ છે. ખેડા જિલ્લામાં ઠાસરા, નડિયાદ અને ડાકોરમાં ભારે વરસાદને કારણે રોડ પર પાણી ભરાઈ જવાને કારણે નદી વહેતી હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું હતું.

### સૌથી વધુ ૫ ઇંચ માળીયા હાટીનામાં નોંધાયો

# અષાઢની શરુઆતે ૧૪૪ તાલુકામાં વરસાદ ખાબક્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

સમગ્ર રાજ્યમાં છેલ્લા ૫ દિવસથી બદલાયેલા હવામાનને પગલે ચોમાસાની સિઝનનો પ્રારંભ થઈ રહ્યો હોય તે પ્રકારે તાપમાનના પારામાં પણ ઘટાડો નોંધાઈ રહ્યો છે. ચોમાસાની ઋતુ શરુ થતાંની સાથે જ આજે (૨૬ જૂન) સવારે ૬:૦૦ વાગ્યાથી સાંજે ૪:૦૦ વાગ્યા સુધીમાં ૧૪૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વરસાદ જૂનાગઢના માળીયા હાટીનામાં ૫.૧૬ ઈંચ ખાબક્યો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર(SEOC)ના અહેવાલ મુજબ સુરતના મહુવામાં ૪.૭૬ ઈંચ, જૂનાગઢના વિસાવદરમાં ૪.૬૫ ઈંચ અને નવસારીના ચીખલીમાં ૪.૨ અને ખેરગામમાં ૪.૧૭ ઈંચ વરસાદ પડ્યો છે. આ ઉપરાંત ગીર સોમનાથના તલાલામાં ૩.૯ ઈંચ, સુરતના બારડોલીમાં ૩.૪૬, પોરબંદરના રાણાવાવ અને સુરતના કામરેજમાં ૩.૦૩ ઈંચ વરસાદ નોંધાયો છે. રાજ્યના અન્ય તાલુકાઓમાં, છેલ્લા ૧૦ કલાકમાં દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુરમાં ૨.૮૭ ઈંચ, વલસાડના પારડીમાં ૨.૮૭ ઈંચ, જૂનાગઢના માંગરોળમાં ૨.૬૪, સુરત શહેરમાં ૨.૭૬ અને નવસારીના ગણદેવીમાં ૨.૬૪ જ્યારે જામનગરના જામ જોધપુરમાં ૨.૫૬ ઈંચ, નવસારી શહેરમાં ૨.૭ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત રાજ્યના ૧૬ તાલુકામાં બે ઈંચથી વધુ જ્યારે ૧૩ તાલુકામાં એક ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. આમ, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કુલ ૧૪૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગના ત્રણ કલાકના Nowcast મુજબ, આજે ગુરુવારે (૨૬ જૂન) સાંજે ૪ વાગ્યાથી આગામી ત્રણ કલાક એટલે કે ૭ વાગ્યા સુધીમાં બનાસકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને મોરબી જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યું છે.






# મંજૂરી વિના ધમધમતાં આનંદ મેળામાં દુર્ઘટના, બે બાળકી ગંભીર ઇજાગ્રસ્ત

## રબરના ફુગ્ગાની લપસણીમાં રમતા બાળકો ભારે પવનથી હવામાં ફંગોળાયા : સંચાલક સામે ગુનો નોંધવા તજવીજ

। (એજન્સી) માણસા, તા.૨૭ ।

માણસા શહેરમાં કલોલ રોડ પર છેલ્લા ત્રણ દિવસથી કોઈપણ વહીવટી મંજૂરી વિના આનંદ મેળો શરૃ કરવામાં આવ્યો હતો જેમાં શહેરીજનો અને આજુબાજુના ગામના લોકો બાળકો સાથે અહીં આવતા હતા ત્યારે ગઈકાલે રાત્રે વાવાઝોડું આવ્યું તે સમયે અહીં રબરના ફુગ્ગાની લપસણીમાં રમી રહેલા બાળકો ભારે પવનને કારણે લપસણી સાથે હવામાં ફંગોળાયા હતા જેમાં બે બાળકીને ગંભીર ઈજાઓ થતા તેમને તાત્કાલિક અમદાવાદ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે જ્યારે આ બાબતે વહીવટી તંત્રએ સ્થળ પર જઈ મંજૂરી વિના ચાલી રહેલ આનંદ મેળાને બંધ કરાવી તેના માલિક વિરુદ્ધ ગુનો નોંધવા કાર્યવાહી હાથ ધરી છે. માણસા શહેરમાં કલોલ રોડ પર છેલ્લા ત્રણ દિવસથી આનંદ મેળો શરૃ કરવામાં આવ્યો છે આ આનંદ મેળામાં ઊંચા ચગડોળ સહિત અનેક નાની મોટી રાઈડ રાખવામાં આવી છે પરંતુ આ આનંદ મેળો શરૃ કરતા પહેલા લેવામાં આવતી વહીવટી મંજૂરી આનંદ મેળાના માલિક શ્યામલાલે લીધી નહોતી તેમ છતાં પોતાની રીતે આનંદ મેળો શરૃ કરી દીધો હતો અને વેકેશનના કારણે અહીં માણસા શહેર અને તાલુકાના લોકો રાત્રિના સમયે પોતાના બાળકો સાથે મનોરંજન માટે આવતા હતા ત્યારે ગઈકાલે રાત્રિના સમયે અચાનક વાવાઝોડું આવ્યું હતું તે વખતે અહીં વિવિધ રાઈડમાં બાળકો મોજ મસ્તી કરી રહ્યા હતા તેમાં એક રબરના ફુગ્ગાની લપસણી પર પણ બાળકો કુદા કુદ કરતા હતા તે સમયે જ ભારે પવનને કારણે આ રબરનો મોટો ફુગ્ગો હવામાં ઊડયો હતો જેથી તેમાં રમી રહેલા બાળકો ઉપરથી નીચે પટકાયા હતા જેમાં નીચે પટકાયેલ માણસા ગામની ચાર વર્ષની બાળકી કાનવી સંકેતકુમાર પટેલ અને ધોળાકુવા ગામની ચાર વર્ષની રાવ્યા અક્ષયભાઈ પટેલને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતા પ્રથમ માણસા સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ અમદાવાદની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી તો બીજા બે ત્રણ બાળકોને સામાન્ય ઈજાઓ થઈ હતી જ્યારે આ ઘટનાની જાણ પોલીસ સહિત વહીવટી તંત્રને થતા આજે તાત્કાલિક સ્થળ પર જઈ આનંદ મેળો બંધ કરાવ્યો હતો અને કોઈપણ જાતની મંજૂરી લીધા વિના આનંદ મેળો શરૃ કરનાર તેના માલિક શ્યામલાલ વિરુદ્ધ કલેકટરે કડક કાર્યવાહી કરવાના આદેશો આપતા તેના વિરુદ્ધ ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.